તંત્રીશ્રીની કલમે

ઈરાને ઈઝરાયલ પર હુમલાની આપી ધમકી, નેતન્યાહૂ થયા એલર્ટ

છેલ્લા કેટલાક સમયથી ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં હવે ઈરાનને કુદકો માર્યો છે. કુદી પડ્યું છે. બ્લૂમબર્ગના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઈરાન સીરિયામાં તેના વાણિજ્ય દૂતાવાસ પરના શંકાસ્પદ ઈઝરાયેલ હુમલાનો જવાબ આપવાની તૈયારી કરી રહ્યું છે અને તેણે અમેરિકાને 'સાઈડમાં રહેવા' કહ્યું છે. આ સાથે મધ્ય પૂર્વ ઈરાનના મુખ્ય પ્રતિનિધિ હિઝબુલ્લાહે પણ ઈઝરાયેલને ચેતવણી આપી છે કે તે યુદ્ધ માટે તૈયાર છે. બ્લૂમબર્ગના રિપોર્ટ પ્રમાણે ઈરાને અમેરિકાને એક લેખિત સંદેશ મોકલ્યો છે, જેમા તેમણે નેતન્યાહુની જાળમાં ન ફસાય તેવી ચેતવણી આપી છે. બીજી તરફ ઈરાનના રાષ્ટ્રપતિના રાજકીય બાબતોના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ મોહમ્મદ જમશીદીએ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુનો ઉલ્લેખ કરીને ટ્વિટર પર લખ્યું કે, 'અમેરિકાએ એક બાજુ હટી જવું જોઈએ જેથી તમને કોઈ નુકસાન ન થાય. જમશીદીના કહેવા પ્રમાણે, આ પત્રના જવાબમાં અમેરિકાએ ઈરાનને અમેરિકન ઠેકાણાઓ પર હુમલો ન કરવા માટે કહ્યું છે. ઈરાન દ્વારા કથિત રીતે મોકલવામાં આવેલા સંદેશા મામલે અમેરિકા તરફથી કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. જો કે, સુત્રોના અહેવાલ મુજબ યુએસ હાઈ એલર્ટ પર છે અને આ વિસ્તારમાં ઈઝરાયેલ અથવા અમેરિકી ઠેકાણા સામે ઈરાન તરફથી 'મહત્ત્વપૂર્ણ' પ્રતિસાદની તૈયારી કરી રહ્યું છે. તો અહીં એનબીસીએ કોઈના નામ આપ્યા વગર અમેરિકન અધિકારીઓને ટાંકીને કહ્યું કે, રાષ્ટ્રપતિ જો બાઈડેનનું વહીવટીતંત્ર ચિંતિત છે કે, ઈઝરાયેલમાં કોઈપણ હુમલો થઈ શકે છે. બ્લૂમબર્ગના રિપોર્ટ પ્રમાણે, બાઈડેનના પ્રશાસને ઈરાનને સીધી માહિતી આપવાનું અસામાન્ય પગલું ભર્યું હતું કે, અમેરિકા આ વાતથી અજાણ હતું કે સોમવારે દમિશ્કમાં હુમલો થશે. તેના પરથી ખ્યાલ આવે છે કે, અમેરિકા મધ્ય પૂર્વમાં તેની સેના અને ઠેકાણાઓ પર હુમલા રોકવાની કોશિશ કરી રહ્યું હતું.

કડકડતી ઠંડીમાં ધાબળો ઓઢી શૂટિંગ કરતી જોવા મળી દિશા પટની

ફિલ્મ કલ્કિ ૨૮૯૮ એડીને લઈ ચાહકો ખુબ ઉત્સાહિત છે. ફિલ્મમાં અભિનેતા પ્રભાસ શાનદાર રોલમાં જોવા મળશે. હાલમાં અભિનેત્રી દિશા પટનીએ પ્રભાસ સાથે કેટલાક ફોટો શેર કર્યા છે. જે આ ફિલ્મ સાથે જોડાયેલા છે.અભિનેત્રી દિશા પટનીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર શૂટિંગ સાથે જોડાયેલા ફોટો અને વીડિયો શેર કર્યા છે. વર્ષ ૨૦૨૪ની શરુઆતમાં એવા સમાચાર સામે આવ્યા હતા કે, પ્રભાસ અને દિશા પટની એક ગીતના શૂટિંગ માટે ઈટલી ગયા છે. દિશાએ જે ફોટો શએર કર્યા છે. તે ગીતના શૂટિંગના છે. ફોટોમાં દિશા પોતાના સ્ટાર પ્રભાસ સાથે ઉભેલી જોવા મળી રહી છે. એક ફોટોમાં તે મેકઅપ આર્ટિસ્ટ સાથે મેકઅપ કરાવતી જોવા મળી રહી છે.પહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, દિશા પટની પિંક ધાબળો પહેરીને ઠંડા પવનો વચ્ચે શૂટિંગ કરતી જોવા મળી રહી છે. ફોટોમાં દિશાની ટીમે ઠંડીથી બચવા માટે આજુબાજુ પણ ઉભા છે.એક ફોટોમાં દિશા કારની અંદર બેઠી છે. તો અન્ય એક સેલ્ફીમાં દિશાએ પ્રભાસ સાથે લીધી છે. પ્રભાસે ચશ્મા અને હુડી-કેપ પહેરી છે.

એક સાથે જોવા મળશે અમિતાભ અને કમલ હાસન ફિલ્મ કલ્કિ ૨૮૯૮ એડીના નિર્દેશન નાગ અશ્વિને કર્યું છે. આ ફિલ્મના કલાકારોમાં અનેક કેટલાક મોટા નામ પણ સામેલ છે. પ્રભાસ સિવાય ફિલ્મમાં અમિતાભ બચ્ચન, કમલ હાસન, દીપિકા પાદુકોણ અને દિશા પટની મહત્વની ભૂમિકામાં જોવા મળશે. કહેવામાં આવી રહ્યું છે કે, આ ફિલ્મ શાનદાર હશે. ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પ્રભાસ છેલ્લી ફિલ્મ સાલારમાં જોવા મળ્યો હતો. જે થિયેટરમાં સુપરહિટ સાબિત થઈ હતી. આ ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર પણ લોકો પસંદ કરી રહ્યા છે. ચાહકોને પણ આ ફોટો ખુબ પસંદ આવી રહ્યા છે. ત્યારે હવે જોવાનું રહેશે આ ફિલ્મ કેટલી સુપરહિટ જાય છે.

ધ એકેડેમીના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ ઉપર છવાઈ દીપિકા પાદુકોણ

દીપિકા પાદુકોણની સાથે તેના ચાહકોને પણ એક શાનદાર સરપ્રાઈઝ મળી હતી. ધ એકેડમીના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલએ તેના પેજ પર રણવીર સિંહ અને પ્રિયંકા ચોપરા સ્ટારર ફિલ્મના એક ગીતને મોટું સમ્માન મળ્યું છે. જેનો વીડિયો ઓફિશિયલ પેજ પર શેર કરી અભિનેત્રીને સરપ્રાઈઝ આપી છે બોલિવુડની ક્વિન દીપિકા પાદુકોણનો ફરી એકવાર જાદુ ચાલ્યો છે. ૨૦૧૫માં રિલીઝ થયેલી દીપિકા પાદુકોણ અને રણવીર સિંહની ફિલ્મ બાજીરાવ મસ્તાની આજે પણ સુપરહિટ છે. આ ફિલ્મમાં દીપિકા અને રણવીર સિંહ લીડ રોલમાં જોવા મળ્યા હતા અને બંનેએ પોતાની એક્ટિંગથી બધાનું દિલ જીતી લીધું હતું. દીપિકા પાદુકોણ આ દિવસોમાં પોતાની પ્રેગ્નન્સીને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન એકેડેમી એવોર્ડ્સમાં અભિનેત્રી દીપિકાને સરપ્રાઈઝ આપવામાં આવ્યું છે. રણવીર સિંહ અને દીપિકાએ દીવાની મસ્તાની ગીતનો મ્યુઝિક વીડિયો શેર કરીને ફિલ્મ વિશે કેટલીક વિગતો શેર કરી છે, જેના પછી અભિનેત્રીના ફેન્સની પ્રતિક્રિયા સોશિયલ મીડિયા પર જોવા મળી રહી છે. એકેડમી એવોર્ડ્સે દીપિકાને આપી સરપ્રાઈઝ રણવીર સિંહ અને દીપિકા પાદુકોણની સુપરહિટ ફિલ્મ 'બાજીરાવ મસ્તાની'ને ૨૦૨૪માં ૯ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે. આ ફિલ્મે લગભગ ૩૫૬.૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે અને ભારતમાં લગભગ ૩૫૪ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ ફિલ્મને રિલીઝ થયાને ૯ વર્ષ થઈ ગયા છે, તો એકેડમી એવોર્ડ્સે દીપિકાને સરપ્રાઈઝ આપ્યું છે, જેના પર પતિ રણવીર સિંહે પણ પ્રતિક્રિયા આપી છે. રણવીર સિંહ અને દીપિકા પાદુકોણની સુપરહિટ ફિલ્મ 'બાજીરાવ મસ્તાની'ને ૨૦૨૪માં ૯ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે. દરમિયાન, ધ એકેડમીના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલએ તેના પેજ પર ફિલ્મના સૌથી લોકપ્રિય ગીત દીવાની મસ્તાનીનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં દીપિકા પાદુકોણનો ડાન્સ જોઈ શકાય છે. સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'બાજીરાવ મસ્તાની'ના નઝર જો તેરી લગી મેં દીવાની હો ગયીપ ગીતે ૯ વર્ષ પૂરા કરતા પહેલા એક નવો ઈતિહાસ રચ્યો છે. ધ એકેડમીના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ 'બાજીરાવ મસ્તાની'નું 'દીવાની મસ્તાની' ગીત શેર કરતી વખતે લખવામાં આવ્યું હતું કે, 'શ્રેયા ઘોષાલે આ ગાયું છે. 'દીવાની મસ્તાની' ફિલ્મ નિર્માતા સંજય લીલા ભણસાલીની 'બાજીરાવ મસ્તાની'નું એક હિટ ટ્રેક છે, જેમાં રણવીર સિંહ અને પ્રિયંકા ચોપરા સહ-કલાકાર હતા. દીપિકા પાદુકોણના પતિ રણવીર સિંહે પણ આ વીડિયોના કોમેન્ટ બોક્સમાં કોમેન્ટ કરી છે. અને તેણે લખ્યું છે.- મંત્રમુગ્ધ.

વિદેશમાં મોંઘવારીથી ત્રાહિમામ પોકારી ગયા ભારતીય વિદ્યાર્થીઓ

વોશિંગ્ટન, ભારતમાંથી વિદેશ ભણવા જવાનો ક્રેઝ વધી ગયો છે. અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં દર વર્ષે જેટલી પણ સ્ટુડન્ટ વિઝા અરજી આવતી હોય છે તેમાંથી મોટા ભાગની ભારતમાંથી આવતી હોય છે. જોકે, હવે વિદેશમાં મોંઘવારી વધી રહી છે જેના કારણે ત્યાં રહેવા-જમવાનો ખર્ચ પણ વધી રહ્યો છે. વિદેશમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ માટે મોંઘા શિક્ષણની સાથે સાથે જીવન નિર્વાહ પણ મોંઘો બની રહ્યો છે. ખાસ કરીને તાજેતરના વર્ષોમાં ભાડા ડબલ થઈ ગયા છે. કોવિડ પછી આમાં વધુ વધારો થયો છે. કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુકે, અમેરિકા સહિતના કેટલાક યુરોપિયન દેશોમાં વિદ્યાર્થીઓ માટે પોસાય તેવા આવાસ મેળવવું લગભગ અશક્ય બની રહ્યું છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે અભ્યાસ માટે સ્કોલરશિપ મળે તો પણ ભાડું, ખાવા-પીવાનો ખર્ચ એટલો વધી ગયો છે કે પરિવારોએ આ માટે પણ મોટી લોન લેવી પડે છે. પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે એક રૂમમાં પણ વિદ્યાર્થીઓએ બેડ શેર કરવા પડી રહ્યા છે.ગયા વર્ષે ૭૫ હજાર ભારતીય વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા ગયા હતા અને આ સંખ્યા ઝડપથી વધી રહી છે. ૨૦૨૨માં ૨.૧૫ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડા ગયા હતા. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં કેનેડામાં ફક્ત ભારતીય જ નહીં પરંતુ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે ત્યાં હાઉસિંગ કટોકટી ઊભી થઈ છે. જેના કારણે હવે કેનેડા વિદ્યાર્થીઓની સંખ્યા પર નિયંત્રણ મેળવવા માટે પરમિટમાં ઘટાડો કરી રહ્યું છે. આ સિવાય ઓસ્ટ્રેલિયામાં છેલ્લા કેટલાક વર્ષોમાં માંગ અને પુરવઠાનો ગુણોત્તર બગડવા લાગ્યો છે અને તેના કારણે વિદ્યાર્થીઓ માટે ત્યાં રહેવું મોંઘુ બની રહ્યું છે. ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓ ખાસ કરીને એશિયાના વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરે છે. છેલ્લા એક-બે વર્ષમાં કેટલીક યુનિવર્સિટીઓમાં રજિસ્ટ્રેશન ૪૦ ટકાથી વધુ વધી છે. સિડનીમાં માર્કેટિંગની વિદ્યાર્થીની રાશિ રસ્તોગી કહે છે કે અહીં માત્ર ભણવું જ મોંઘું નથી, અહીં રહેવાનું પણ મોંઘું થઈ રહ્યું છે. હું પોતે બે રૂમના ફ્લેટમાં રહું છું જેને અમે ચાર વિદ્યાર્થીઓ શેર કરીએ છીએ. હું ભાડ પેટે ૧૨૦૦ ડોલર ચૂકવી રહી છું. બે વર્ષ પહેલાં મારું ભાડું લગભગ ૭૦૦ ડોલર હતું. નવા વિદ્યાર્થીઓ માટે સસ્તો રૂમ મેળવવો એ એક મોટો પડકાર છે. અહીં દર અઠવાડિયે ૩૦૦થી ૫૦૦ ડોલર નિશ્ચિત છે. દરેક રાજ્યમાં આ જ સ્થિતિ છે. ખાનગી મકાનો વધુને વધુ મોંઘા થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ ક્યાંકને ક્યાંક નોકરી કરીને પોતાના જીવન નિર્વાહ માટે મોંઘો ખર્ચ મેનેજ કરી રહ્યા છે. જેમની પાસે કામ નથી અને જેમના પરિવાર આર્થિક રીતે મજબૂત નથી તેમના માટે પરિસ્થિતિ વધારેને વધારે કપરી બની રહી છે. કેનેડામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ મોંઘા મકાનોની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. કેનેડામાં હાઉસિંગની સમસ્યા સતત વકરી રહી છે અને સરકાર પર તેને પહોંચી વળવા માટે દબાણ વધી રહ્યું છે. તેથી સરકાર અન્ય દેશોમાંથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડવાનું વિચારી રહી છે અને તે માટે પ્રયાસો પણ શરૂ કરી દીધા છે. મોન્ટ્રીયલ, એડમન્ટન અને ટોરન્ટો શહેરોમાં આ સમસ્યા વધુ છે. દિલ્હીના પંજાબી બાગમાં રહેતા આરકે સાહનીનો પુત્ર કેનેડામાં મ્બ્છ કરી રહ્યા છે. તેઓ કહે છે કે, ગયા વર્ષે મારો દીકરો ટોરન્ટો ગયો હતો. જીવન ખર્ચ એક વર્ષમાં લગભગ ૨૦%-૩૦% વધ્યો છે. તે ત્રણ લોકો સાથે શેરિંગમાં રહે છે, ભાડું દર મહિને ૩૦૦ ડોલર છે. મારા મિત્રની પુત્રી તો બેના શેરિંગ માટે ૭૦૦ ડોલર ચૂકવે છે. સમસ્યા એ છે કે વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે કામ કરવાની વધુ તક મળતી નથી. પરિસ્થિતિ એવી છે કે ત્યાંના વિદ્યાર્થીઓ રૂમમેટ નહીં પણ બેડમેટ શોધે છે જેથી ખર્ચ વધુ ઘટાડી શકાય. યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પણ પડી છે. મેડિકલ વિદ્યાર્થીઓને યુક્રેનથી તેના પડોશી યુરોપિયન દેશોમાં શિફ્ટ થવું પડ્યું છે. દિલ્હીની સ્ટુડન્ટ પ્રેરણા માટે પોલેન્ડમાં મેડિકલનો અભ્યાસ પૂરો કરવો ઘણો મોંઘો છે. તેણે જણાવ્યું હતું કે, મારા પિતાએ લોન લીધી છે. જોકે અહીં રહેવું મોંઘું છે. ફીમાં ઘણી છૂટ આપવામાં આવી છે. પરંતુ રહેવાનો ખર્ચો ઘણો મોંઘો છે તેથી ઘણા વિદ્યાર્થીઓ ઉઝબેકિસ્તાન અને કિર્ગિસ્તાન જેવા દેશોમાં જાય છે.

ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદીમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ

વોશિંગ્ટન, ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદી જાહેર કરી છે અને તેમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક નામ એવું છે જે આજ સુધી ક્યારેય સાંભળવામાં નથી આવ્યું . જે છે રેણુકા જગતિયાની જેમણે અબજોપતિઓની યાદીમાં નવી એન્ટ્રી કરી છે. રેણુકા જગતિયાની દેશના અમીરોની યાદીમાં ૪૪મા ક્રમે છે અને તેમની કુલ સંપત્તિ લગભગ ૫ બિલિયન ડોલર એટલે કે ૪૦ હજાર કરોડ હોવાનો અંદાજ છે. આજે રેણુકા અબજોપતિઓની યાદીમાં સામેલ છે. તમને જણાવી દઈએ કે એક સમય હતો જ્યારે તેના પતિ લંડનના રસ્તા પર કેબ ચલાવી પોતાનું ગુજરાન કરતા હતા આજે અબજોપતિઓની યાદીમાં તેમની એન્ટ્રી થઈ છે ત્યારે ચાલો જાણીએ કેવી રીતે તે આટલા આમીર થયા. રેણુકા જગતિયાની ફોર્બની ટોપ ૧૦૦ ભારતીય ધનિકોની યાદીમાં ૪૪મા સ્થાને છે. રેણુકા જગતિયાની લેન્ડમાર્ક ગ્રુપના ઝઈ છે અને તેમની સંપત્તિ ઈ૪.૮ બિલિયન અથવા લગભગ ૪૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. લેન્ડમાર્ક ગ્રુપનો બિઝનેસ ઘણા દેશોમાં ફેલાયેલો છે. તેનું મુખ્યાલય દુબઈમાં છે અને આ કંપનીની સ્થાપના રેણુકાએ તેના સ્વર્ગસ્થ પતિ મિકી જગતિયાની સાથે મળીને કરી હતી. ફોર્બ્સ ૨૦૨૪ રિચ લિસ્ટમાં સામેલ રેણુકા જગતિયાનીએ લેન્ડમાર્ક ગ્રૂપને આગળ લઈ જવામાં અને તેને ઉંચાઈઓ પર લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. બિઝનેસ સેક્ટરમાં તેમના કામને જોતાં, રેણુકાને ૨૦૦૭માં આઉટસ્ટેન્ડિંગ એશિયન બિઝનેસ વુમન ઑફ ધ યર અને ૨૦૧૨માં બિઝનેસવુમન ઑફ ધ યર જેવા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. આજે અમીરોની યાદીમાં પ્રભુત્વ જમાવનાર રેણુકા જગતિયાનીની વાર્તા ખૂબ જ રસપ્રદ છે. આજે રેણુકા ભલે ભારતીય અમીરોની યાદીમાં ઉચ્ચ સ્થાને પહોંચી ગયા હોય, પરંતુ તેમણે પોતાના જીવનમાં ઘણા મોટા ઉતાર-ચઢાવનો સામનો કર્યો છે. આ વાતનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે રેણુકાના પતિ સ્વર્ગસ્થ મિકી જગતિયાની એક સમયે લંડનમાં કેબ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. અહેવાલો અનુસાર, મિકી ૧૯૭૦ ના દાયકામાં લંડનમાં એક કેબ ડ્રાઈવર હતા અને ત્યાંથી તે પહેલા બહેરીન અને પછી દુબઈ ગયા અને એક વિશાળ બિઝનેસ સામ્રાજ્ય બનાવ્યું, જેનું સંચાલન પત્ની રેણુકા જગતિયાની કરે છે.

મિકી જગતિયાની, જેઓ લંડનમાં કેબ સેવાઓ પૂરી પાડતા હતા, તેમના માતા-પિતા અને ભાઈના આકસ્મિક મૃત્યુ પછી ૧૯૭૩ માં બહેરીન ગયા, જ્યાં તેમણે તેમના ભાઈની રમકડાની દુકાનનું સંચાલન કરવાનું શરૂ કર્યું. તેણે લગભગ એક દાયકા સુધી બાળકોના રમકડાની દુકાન ચલાવી અને પરિવારનો ઉછેર કર્યો, આ દરમિયાન તેણે તેના રમકડાંના આઉટલેટ્સનો વિસ્તાર પણ કર્યો અને ૧૦ વર્ષમાં ૬ રમકડાની દુકાનો શરૂ કરી. આ પછી, ગલ્ફ વોર સમાપ્ત થયા પછી, તેઓ દુબઈ પહોંચ્યા અને ત્યાં તેમનું લેન્ડમાર્ક ગ્રુપ શરૂ કર્યું. લેન્ડમાર્ક ગ્રૂપ દ્વારા, મિકી જગતિયાનીએ મધ્ય પૂર્વ અને દક્ષિણ પૂર્વ એશિયામાં ફેશન, ઈલેક્ટ્રોનિક્સ, ફર્નિચર અને હોટેલ બિઝનેસમાં તેમનો વ્યવસાય વિસ્તાર્યો. તેમના પતિના મૃત્યુ પછી, રેણુકા જગતિયાનીએ બિઝનેસ સંભાળ્યો અને ૧૯૯૩માં લેન્ડમાર્ક ગ્રુપમાં પ્રવેશ કર્યો. ત્રણ બાળકોની માતા રેણુકાને વારસામાં ઈ૪.૮ બિલિયનની સંપત્તિ મળી છે. હવે રેણુકા જગતિયાની આ ગ્રુપના ચેરપર્સન છે અને ત્રણેય બાળકો આરતી, નિશા અને રાહુલનો બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રેણુકાએ લેન્ડમાર્ક ગ્રૂપનો કબજો સંભાળ્યા પછી, તેમણે ઝડપથી તેનો કારોબાર વિસ્તાર્યો અને આજે કંપની પાસે વિશ્વના ૨૧ દેશોમાં ૨૨૦૦ થી વધુ સ્ટોર્સ કાર્યરત છે.

વર્ષ ૨૦૨૪ માટે બાબા વેંગાએ કહેલી ભવિષ્યવાણી છેલ્લા ચાર મહિનામાં તો સાચી પડતી જોવા મળી

નવી દિલ્હી, બાબા વેંગાની ભવિષ્યવાણીઓ ભવિષ્યવક્તા નાસ્ત્રાડેમસની જેમ જ પ્રખ્યાત છે. તેમણે વર્ષ ૨૦૨૪ માટે કેટલીક ભવિષ્યવાણીઓ કરી હતી જેમાંથી કેટલીક સાચી પણ પડતી જોવા મળી રહી છે. ત્યારે સવાલ થાય કે તેમણે આ વર્ષ માટે બીજી કેટલી ભવિષ્યવાણી કરી હશે? વર્ષ ૨૦૨૪ માટે તેમણે જે જે વાતો કરી હતી તે છેલ્લા ચાર મહિનામાં તો સાચી પડતી જોવા મળી. તેમણે કહ્યું હતું કે યુરોપમાં આતંકી હુમલો થશે, સાઈબર હુમલાઓમાં વધારો થશે અને ચિકિત્સા તથા ટેક્નોલોજી જગતમાં ખુબ હલચલ રહેશે. આ બધી વાતો છેલ્લા ચાર મહિનામાં તો સાચી ઠરતી જોવા મળી ત્યારે શું આ વર્ષમાં ખરેખર તબાહી મચશે? જાણો તેમણે આગામી કેટલાક મહિનાઓ માટે શું ભવિષ્યવાણી કરેલી છે. બાલ્કનના નાસ્ત્રાડેમસ કહેવાતા બાબા વેંગાનું ૨૮ વર્ષ પહેલા મોત થઈ ચૂક્યું છે. પરંતુ તેમણે મોત પહેલા આ વર્ષ ૨૦૨૪ માટે કેટલીક ભવિષ્યવાણીઓ કરેલી છે. તેમની ભવિષ્યવાણીઓમાંથી કેટલીક સાચી પણ પડી રહી છે. બાબા વેંગા અગાઉ યુક્રેનમાં ચેરનોબિલ આફત, રાજકુમારી ડાયનાનું મોત, ન્યૂયોર્કમાં ૯/૧૧ હુમલો અને એટલે સુધી કે પોતાના મોત વિશે પણ સટીક ભવિષ્યવાણી કરી ચૂક્યા છે. હવે તેમના ફોલોઅર્સે જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૪ માટે તેમણે જે ભવિષ્યવાણીઓ કરી હતી તેમાંથી કેટલીક સાચી પડી રહી છે. આગળ જે થશે તે હજુ વધુ ડરામણું છે. બાબા વેંગાએ ૨૦૨૪માં યુરોપમાં અનેક આતંકી હુમલાની ચેતવણી ઉચ્ચારી હતી. હાલમાં જ રશિયાના મોસ્કોમાં આતંકી હુમલો થયો. રશિયાના મોસ્કોમાં થયેલો આતંકી હુમલો એ વાતનો સંકેત આપે છે કે તેમની ભવિષ્યવાણી બિલકુલ સટીક હતી. માર્ચના અંતમાં આતંકીઓએ અંધાધૂંધ ગોળીબાર કરીને બાળકો સહિત ૧૧૦ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ઈસ્લામિક સ્ટેટે તેની જવાબદારી લીધી હતી. વેંગાની ભવિષ્યવાણી જોતા જર્મની સહિત આખુ યુરોપ હાલના દિવસોમાં હાઈ એલર્ટ પર છે. બાબા વેંગાએ કહ્યું હતું કે સાઈબર હુમલાઓમાં તેજી આવશે. એવું થવા પણ લાગ્યું છે. ગ્રેગ્સ, મેકડોનાલ્ડ્સ, ટેસ્કો અને સેન્સબરીઝ સહિત અનેક કંપનીઓમાં હેકિંગની સ્થિતિ બની. એટલે સુધી કે અનેક દેશોની એજન્સીઓ પણ હેકર્સના નિશાને હતી. બ્રિટિશ સ્વાસ્થ્ય સેવા સાથે જોડાયેલા દર્દીઓના ડેટા પણ વાયરલ કરવાની ધમકી મળી. પાવર ગ્રિડ, વોટર સિસ્ટમ પર હુમલા થયા. બાબા વેંગાએ કહ્યું હતું કે ટેક્નિકલ અને ચિકિત્સા ક્ષેત્રમાં કમાલનું વર્ષ રહેશે. એવું જ થઈ રહ્યું છે. અલ્ઝાઈમર અને કેન્સર જેવી બીમારીઓના ઈલાજનો રસ્તો મળી રહ્યો છે. એવી રસી બની છે કે જે અલ્ઝાઈમરથી બચાવી શકે છે. કેન્સરની દવાની શોધ પણ થઈ ગઈ છે. તેને લીધા બાદ કેન્સરના દર્દીઓ ચાર ગણી વધુ જીંદગી જીવી શકે છે.

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank

શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફીસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બીઉ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે. કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / પ્રતિકાત્મક કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ/ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
૧	યુગલકુમાર નાથાલાલ કપાડિયા / શ્રદ્ધા યુગલકુમાર કપાડિયા / LBSUR00005266751	ફ્લેટ નં.૧૦૪, પહેલો માળ, બિલ્ડિંગ-ઈ૧, સ્ટાર ધર્મ રેસિડેન્સી, સુરભી રેસિડેન્સીની બાજુમાં, પસોદરા ચાર રસ્તા પાસે, પસોદરા પાટિયા, સર્વે નં.૭૦, બ્લોક નં.૮૨, ટી.પી.એસ.નં.૪૫, (નવાગામ-વાવ), એફ.પી. નં.૬૧, નવાગામ, કામરેજ, સુરત-૩૯૫૦૦૬ / એપ્રિલ ૦૪,૨૦૨૪	ઓક્ટોબર ૦૯, ૨૦૨૩ રૂા. ૧૨,૫૮,૩૭૮.૦૦/-	સુરત
૨	રાજુભાઈ આર. નાયી / પ્રેમીબેન રાજુભાઈ નાયી LBSUR00004422601	ફ્લેટ નં.૨૦૧, બીજો માળ, શિવ પેલેસ, કિલાદેસાઈની ખડકી, હનુમાન મંદિરની સામે, કતારગામ જમીન બેરિંગ શીટ નં.૧૧૭ ઉપર બાંધકામ કરેલ, ચાલતા નં.૪૦૬, ગ્રામ પંચાયત ઘર નં.૩૫૮/૨-એ, ગામ કતારગામ ગામતલ, તા.સુરત, જી.સુરત-૩૯૫૦૦૪/ એપ્રિલ ૦૫, ૨૦૨૪	નવેમ્બર ૨૮, ૨૦૨૨ રૂા. ૩૯,૩૮,૫૯૩.૦૦/-	અમદાવાદ
૩	કવિતા દિનેશભાઈ ચૌધરી / કનૈયા ચૌધરી / LBSUR00003740631 & LBSUR00005123634	ફ્લેટ નં.ડી/૫૦૪, પાંચમો માળ, બિલ્ડિંગ નં.ડી, એ-ટાઈપ, સલજ હોમ્સ, સાગર સંકુલ અને પિરામીડ ટાઉનશીપ પાસે, આર.એસ.નં.૨૪, બ્લોક નં.૨૬/પૈકી-૨, ઉગત ભેસન રોડ, જહાંગિરાબાદ, સુરત-૩૯૫૦૦૯/એપ્રિલ ૦૪, ૨૦૨૪	ડિસેમ્બર ૦૮, ૨૦૨૩ રૂા. ૨૩,૮૬,૮૫૧.૦૦/-	સુરત
૪	સૈયદ નીદાશબનમ વસિમઅલી / સૈયદ વસિમઅલી કુતબુદીન / LBSUR00005295965 & LBSUR00005403496	ફ્લેટ નં.૮૦૩, આઠમો માળ, બિલ્ડિંગ નં.સી, વેરીબી વિક્ટોરિયા, સરિતા સોસાયટી પાસે, ભનકી સ્ટેડિયમ પાસે, આર.એસ.નં.૮૭, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૩૦, એફ.પી.નં.૧૨૬, અડાજણ, રાંદેર, ઓલપાડ, સુરત-૩૯૫૦૦૫ / એપ્રિલ ૦૫, ૨૦૨૪	ડિસેમ્બર ૧૪, ૨૦૨૩ રૂા. ૨૧,૫૦,૮૦૩.૦૦/-	સુરત
૫	રાકેશકુમાર બી. પટેલ / હર્ષાબેન પટેલ/ LBSUR00003399065	પ્લોટ નં.૪૦, નિલમબાગ રો-હાઉસ સોસાયટી, વિશ્વ નગર પાસે, આર.એસ.નં.૬૬/૧, ટી.પી.એસ.નં.૭૦, એફ.પી.નં.૪૧, બ્લોક નં.૮૪, છાપરાભાઠા-૨, ચોરયાસી, સુરત -૩૯૫૦૦૪ / એપ્રિલ ૦૫, ૨૦૨૪	ડિસેમ્બર ૧૨, ૨૦૨૩ રૂા. ૧૨,૭૦,૪૨૨.૬૩/-	સુરત
૬	વિજેશકુમાર ખિમજીભાઈ નવાદિયા/ અલ્પેશભાઈ ખીમજીભાઈ નવાદિયા / LBSUR00002253788	ફ્લેટ નં.૫૦૩, પાંચમો માળ, બિલ્ડિંગ નં.એ, નેનસી રેસિડેન્સી, તાપી ફલિયું, કતારગામ, વોર્ડ નં.૧૯-સી, નોંધ નં.૧૨૭, સી.ટી.એસ.ટિકા નં.૨૨ ચાલતા નં.૧૨૪, જલદર્શન એપાર્ટમેન્ટ પાછળ, સિંગણપોર, સુરત-૩૯૫૦૦૪ / એપ્રિલ ૦૫, ૨૦૨૪	ડિસેમ્બર ૩૦, ૨૦૨૩ રૂા. ૧૨,૧૭,૧૧૨.૦૦/-	સુરત
૭	સૈયદ વસિમઅલી કુતબુદીન / સૈયદ નીદાશબનમ વસિમઅલી/ LBSUR00005813468	ફ્લેટ નં.૮૦૩, આઠમો માળ, બિલ્ડિંગ નં.સી, વેરીબી વિક્ટોરિયા, સરિતા સોસાયટી પાસે, ભનકી સ્ટેડિયમ પાસે, આર.એસ.નં.૮૭, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૩૦, એફ.પી.નં.૧૨૬, અડાજણ, રાંદેર, ઓલપાડ, સુરત-૩૯૫૦૦૫/એપ્રિલ ૦૫, ૨૦૨૪	જાન્યુઆરી ૦૧, ૨૦૨૪ રૂા. ૪,૦૩,૨૧૪.૯૮/-	સુરત
૮	બારોટ મહર્ષી અને રિતેશકુમાર જયંતિલાલ બારોટ/ LBMEH00006299838 & LBMEH00005683324	ફ્લેટ નં.એસ/૬, બીજો માળ, વાસુપુજ્ય ફ્લેટ, પ્રજાપતી વાડી પાસે, આર.એસ.નં.૧૯૯૫/૫૩, ટી.પી.એસ.નં.૨, એફ.પી.નં. ૬૦ પૈકી, સી.ટી.એસ.નં. ૨૩૮૩/એ/૧, સી.એસ.રેકોર્ડ શીટ નં.૧૯૮, ચાલતા નં.૩૬, ટી.બી. રોડ, મેહસાણા -૩૮૨૨૪૧/એપ્રિલ ૦૪, ૨૦૨૪	જાન્યુઆરી ૦૨, ૨૦૨૪ રૂા. ૧૫,૬૬,૫૪૬.૦૦/-	મેહસાણા

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : એપ્રિલ ૦૯, ૨૦૨૪
સ્થળ : ગુજરાત

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.

SHRIRAM HOUSING FINANCE

રજીસ્ટર્ડ ઓફિસ : ઓફિસ નં. ૧૨૩, અંગપ્પા નાઈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ-૬૦૦૦૦૧.
હેડ ઓફિસ : લેવલ - ૧, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, બ્લોક - જી, બાન્દ્રા-કુરલા કોમ્પ્લેક્ષ, મુંબઈ-૪૦૦૦૫૧.
વેબસાઈટ : www.shriramhousing.in

પઝેશન નોટીસ

આથી, શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ (SHFL) ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એક્ટ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત ઉધારકર્તાઓને ડીમાન્ડ નોટીસ જારી કરીને નીચે દર્શાવેલ ટેબલમાં દર્શાવેલ રકમ ચુકવવા જણાવેલ.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૧૪ સાથે સદરહુ હુકમ કરતાં તા. ૦૬.૦૪.૨૦૨૪ ના રોજ નીચે જણાવેલ મિલકતનો પ્રત્યક્ષ કબજો લઈને સોંપેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ ની નીચે મુજબની બાકી રકમ વ્યાજ સાથેના બોજાને આધીન રહેશે.

"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે."

ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નું નામ અને સરનામું	ડીમાન્ડ નોટીસ હેઠળ બાકી લ્હેણી રકમ	મિલકતનું વર્ણન
(૧). સામવી રીના મિલાવ, (૨). સામવી મિલાવ ગુરુચરણસિંહ, સરનામું : ૧૧, દેવસૃષ્ટિ - ૨, કેના બંગ્લોઝની પાછળ, મોટેરા ગામ રોડ, મોટેરા, સાબરમતી, અમદાવાદ - ૩૮૦૦૦૫ અને અહીં સરનામું : જી-૩, સાંઈ સ્નેહ, સ્વામીનારાયણ ગુરુકુળની સામે, મોટેરા, સાબરમતી, અમદાવાદ - ૩૮૦૦૦૫, અને અહીં સરનામું : ફ્લેટ નં. સી - ૬૦૩, છઠ્ઠો માળ, હિલોની - ૪૪૪, વસંત વિહાર - ૨ ની પાસે, મોજે ગામ - નરોડા, તાલુકો - અસારવા, અમદાવાદ - ૩૮૨૩૩૩. અને અહીં સરનામું : એ-૨૦૧, આલાપ ફ્લેટ્સ, હોન ટાઉન ની સામે, ભાઈકાકા નગર, થલતેજ, અમદાવાદ - ૩૮૦૦૫૧.	રૂા. ૩૦,૨૪,૮૪૬/- (રૂા. ત્રીસ લાખ ચોવીસ હજાર આઠસો છેત્તાલીસ પુરા), તા. ૧૦.૦૧.૨૦૨૪ ના સુધીનું, લોન એકાઉન્ટ નં. SHLHAHMD 0001514, ચડત વ્યાજ, કોસ્ટ અને ચાર્જીસ વગેરે સાથે ૬૦ દિવસની અંદર રકમ ભરવા જણાવેલ --------- ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ તા. ૧૨.૦૧.૨૦૨૪	તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો ફ્લેટ નં. સી-૬૦૩, છઠ્ઠો માળ, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૧૫ સ્કે. યાર્ડ. એટલે કે ૯૬.૧૫.૩૮ સ્કે.મી. (નેટ બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૫૯.૬૩ સ્કે.મી.), હિલોની ૪૪૪ થી જાણીતી સ્કીમ, જે સ્થિત ફ્રી હોલ્ડ બીન - ખેતીલાયક જમીનનો સર્વે નં. ૫૪૮/૧, ફાઈનલ પ્લોટ નં. ૪૪૪, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૧, મોજે - નરોડા, તાલુકો - અસારવા, જીલ્લો -અમદાવાદ અને રજીસ્ટ્રેશન સબ જીલ્લો - અમદાવાદ - ૬, નરોડા, અમદાવાદ. ચતુઃસીમા :- પૂર્વે : ફ્લેટ નં. સી/૬૦૪, પશ્ચિમે : માધવ રેસીડેન્સી, ઉત્તરે : ડી - બ્લોક, દક્ષિણે : ફ્લેટ નં. સી/૬૦૨.
(૧). પ્રભજોતસિંહ પ્રિતમ રૈયાત, (૨). મનજીતકૌર રૈયાત, સરનામું : એ-૧૦૪, સાનિધ્ય - ૨ રેસીડેન્સી, સ્વાતી ગ્રીન રેસીડેન્સી, ચાંદખેડા, ઝુંડાલ, અડાલજ, ગાંધીનગર - ૩૮૨૪૩૪ અને અહીં સરનામું : યુનિટ નં. ૩૧૨ - ૩૧૩, બ્લોક નં. ડી, સ્વપ્ન સાકાર રેસીડેન્સી, ઈન્દિરાનગર - ૧, લાંભા લેક ની પાછળ, મોજે - લાંભા, તાલુકો - વટવા, અમદાવાદ - ૩૮૨૪૦૫.	રૂા. ૨૬,૧૩,૧૧૯/- (રૂા. છવ્વીસ લાખ તેર હજાર એકસો ઓગણીસ પુરા), તા. ૧૦.૦૧.૨૦૨૪ ના સુધીનું, લોન એકાઉન્ટ નં. SHLHAHEA 0001022, ચડત વ્યાજ, કોસ્ટ અને ચાર્જીસ વગેરે સાથે ૬૦ દિવસની અંદર રકમ ભરવા જણાવેલ --------- ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ તા. ૧૨.૦૧.૨૦૨૪	તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો યુનિટ નં. ૩૧૨, બ્લોક નં. ડી, સુપર બિલ્ટ અપ એરીયાનું આશરે ક્ષેત્રફળ ૬૦ સ્કે.યાર્ડ. વત્તા ૩૫ સ્કે. યાર્ડ, ખુલ્લા એરીયા, સ્વપ્ન સાકાર રેસીડેન્સી થી જાણીતી સ્કીમ, બાંધકામ કરેલ બીન ખેતીલાયક જમીનનો સર્વે નં. ૬૫૧, જે સ્થિત મોજે - લાંભા, તાલુકો - દસ્ક્રોઈ, રજીસ્ટ્રેશન જીલ્લો - અમદાવાદ અને સબ જીલ્લો - અમદાવાદ - ૫ (નારોલ). ચતુઃસીમા :- પૂર્વે : સીડીનો પ્રવેશ, પશ્ચિમે : સોસાયટીનો કોમન રોડ, ઉત્તરે : ફ્લેટ નં. ડી-૩૧૩, દક્ષિણે : ખુલ્લુ ધાબુ. તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો યુનિટ નં. ૩૧૩, બ્લોક નં. ડી, સુપર બિલ્ટ અપ એરીયાનું આશરે ક્ષેત્રફળ ૬૦ સ્કે.યાર્ડ. વત્તા ૩૫ સ્કે. યાર્ડ, ખુલ્લા એરીયા, સ્વપ્ન સાકાર રેસીડેન્સી થી જાણીતી સ્કીમ, બાંધકામ કરેલ બીન ખેતીલાયક જમીનનો સર્વે નં. ૬૫૧, જે સ્થિત મોજે - લાંભા, તાલુકો - દસ્ક્રોઈ, રજીસ્ટ્રેશન જીલ્લો - અમદાવાદ અને સબ જીલ્લો - અમદાવાદ - ૫ (નારોલ). ચતુઃસીમા :- પૂર્વે : સીડીનો પ્રવેશ, પશ્ચિમે : સોસાયટીનો કોમન રોડ, ઉત્તરે : ખુલ્લુ ધાબુ, દક્ષિણે : ફ્લેટ નં. ડી-૩૧૨.
(૧). કરણસિંઘ ભાનસિંઘ સિસોદીયા, (૨). સુરજકુંવર કરણસિંઘ સિસોદીયા, સરનામું : દરબાર વાસ, ઈન્દિરા બ્રીજની પાસે, ભાટ, ગાંધીનગર - ૩૮૨૪૨૮ અને અહીં સરનામું : ફ્લેટ નં. ૪૦૩, ચોથો માળ, શ્રી ક્રિષ્ના કાસ્ટલ, મિલકત નં. ૩૦૯ - ૩૧૦, ભાટ, ગાંધીનગર.	રૂા. ૧૦,૫૬,૩૫૭/- (રૂા. દસ લાખ છપ્પન હજાર ત્રણસો સત્તાવન પુરા), તા. ૦૬.૧૨.૨૦૨૩ ના સુધીનું, લોન એકાઉન્ટ નં. SHLHAHEA 0000094, ચડત વ્યાજ, કોસ્ટ અને ચાર્જીસ વગેરે સાથે ૬૦ દિવસની અંદર રકમ ભરવા જણાવેલ --------- ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ તા. ૨૦.૧૨.૨૦૨૩	તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર રહેણાંક મિલકતનો ફ્લેટ નં. ૪૦૩, ચોથો માળ, જેનું આશરે ક્ષેત્રફળ ૪૦.૭૬ સ્કે.મી. (કાર્પેટ એરીયા), અવિભાજીત હકક અને હિસ્સા સાથેની જમીનનું ક્ષેત્રફળ ૨૦.૦૦ સ્કે.મી., શ્રી ક્રિષ્ના કાસ્ટલ થી જાણીતું, બાંધકામ કરેલ ગામતલ જમીનનો દરબાર વાસ, મિલકત નં. ૩૨૪, મિલકત નં. ૩૦૯ અને પંચાયત નં. ૩૨૫, મિલકત નં. ૩૧૦, મોજે - ભાટ, જીલ્લો અને સબ જીલ્લો - ગાંધીનગર. ચતુઃસીમા :- પૂર્વે : ફ્લેટ નં. ૪૦૪, પશ્ચિમે : ફ્લેટ નં. ૪૦૨, ઉત્તરે : ઓડા રોડ, દક્ષિણે : જગ્યા.

સ્થળ : અમદાવાદ અને ગાંધીનગર-ભાટ
તારીખ : ૦૬.૦૪.૨૦૨૪

સહી/-, અધિકૃત અધિકારી,
શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ

ગુજરાત રાજ્યના અલગ અસ્તિત્વ બાદ ૧૯૬૨ના વર્ષમાં લોકસભાની ૨૨ બેઠકો ઉપર ચૂંટણી યોજાઈ હતી

બોમ્બે રાજ્યમાંથી અલગ થયેલા ગુજરાત રાજ્યની પ્રથમ અને ભારતની આઝાદી બાદની ત્રીજી લોકસભાની ચૂંટણી ૧૯૬૨ ના વર્ષમાં યોજાઈ હતી. જેમાં ૧૪-આણંદ લોકસભા મતદાર વિભાગના ૩,૨૬,૩૬૪ મતદારો એટલે કે ૬૯.૦૨ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

ગુજરાત રાજ્યની સ્થાપના બાદની આ પ્રથમ ચૂંટણીમાં ૨૨ બેઠકો ઉપર ચૂંટણી યોજાઈ હતી. જેમાં ગુજરાતની કેટલીક બેઠકોના નામોમાં ફેરફાર થયો હતો, બોમ્બે રાજ્ય વખતે મતદાર વિભાગના જે નામ હતા તેમાં ગુજરાત રાજ્યના અલગ અસ્તિત્વ બાદ રાજ્યમાં મતદાર વિભાગોના નંબરોની સામે મતદાર વિભાગોના નામો બદલાયા હતાં. જેમાં ૨-ઝાલાવાડના બદલે ૨-સુરેન્દ્રનગર, ૩-મધ્ય સૌરાષ્ટ્રના બદલે ૩-રાજકોટ, ૪- હાલારના બદલે ૪-જામનગર, ૫- સોરઠના બદલે ૫-જુનાગઢ, ૬-ગિરનારના બદલે ૬-અમરેલી અને ૭- ગોહિલવાડના બદલે ૭- ભાવનગરના નામો સાથેની બેઠકો અસ્તિત્વમાં આવી હતી. લોકસભાની આ સામાન્ય ચૂંટણીમાં ગુજરાત રાજ્યમાં ૧૮ જનરલ, ૨(બે) એસ.સી. અને ૨(બે) એસ.ટી. મળી કુલ ૨૨ બેઠકો ઉપર ચૂંટણી યોજાઈ હતી. જેના માટે ૧૧૧ ઉમેદવારોએ નામાંકન પત્ર ભર્યા હતાં. જે પૈકી ૧ નામાંકન પત્ર રદ થયું હતું, જ્યારે ૪૨ ઉમેદવારોએ નામાંકન પત્રો પરત ખેંચતા સમગ્ર ગુજરાતની ૨૨ બેઠકો ઉપર કુલ મળી ૬૮ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા હતાં. આ ઉમેદવારો પૈકી ૨-સુરેન્દ્રનગર, ૬ અમરેલી, ૭-ભાવનગર, ૮- બનાસકાંઠા, ૧૪-આણંદ અને ૧૯- બ્રોચ લોકસભાની બેઠક મળી કુલ ૬ બેઠકો ઉપર ૬ મહિલા ઉમેદવારોએ પણ તેમની ઉમેદવારી નોંધાવી હતી. જે પૈકી ૬-અમરેલીના ૧ અને ૮-બનાસકાંઠાના ૧ મળીને કુલ ૨(બે) મહિલા ઉમેદવાર વિજયી પણ બન્યા હતાં. લોકસભાની આ ચૂંટણી સમયે ગુજરાત રાજ્યમાં મતદારોની સંખ્યા કુલ મળી ૯૫,૩૪,૯૭૪ હતી. જેમાં ૪૯,૮૩,૩૧૧ પુરૂષ અને ૪૫,૫૧,૬૬૩ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. ગુજરાતના રાજ્ય તરીકેના અલગ અસ્તિત્વ બાદની લોકસભાની આ પ્રથમ ચૂંટણીમાં ૧૦,૯૬૦ મતદાન મથક ઉપરથી ૫૫,૨૬,૯૦૪ મતદારોએ મતદાન કર્યું હતું. મતદાન બાદ ચૂંટણીનું પરિણામ આવતા રાષ્ટ્રીય પક્ષના ૧૦, અન્ય માન્યતા પ્રાપ્ત પક્ષના ૨ (બે), રજિસ્ટર પક્ષના અને ૧ અને અપક્ષ ૮ મળી કુલ ૨૧ ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી હતી. ગુજરાતમાં ચરોત્તર પ્રદેશ તરીકે ઓળખાતા આણંદ જિલ્લાની વાત કરીએ તો, તે સમયે ૧૪-આણંદ લોકસભા મતદાર વિભાગમાં ૪,૭૨,૮૭૩ મતદારો નોંધાયેલા હતાં. જે પૈકી લોકસભાની આ ચૂંટણીમાં ૬૯.૦૨ ટકા મતદારો એટલે કે ૩,૨૬,૩૬૪ મતદારોએ મતદાન કર્યું હતું. મતાધિકારનો ઉપયોગ કરેલ મતદારો પૈકી ૩.૩૩ ટકા મતદારોના મત એટલે કે ૧૦,૮૬૧ મત રિજેક્ટ થયા હતાં. લોકસભાની ચૂંટણી અન્વયે મતદાન તા. ૧૯-૦૨-૧૯૬૨ ના રોજ થયું હતું. મતદાન બાદ આવેલ પરિણામમાં વિજેતા ઉમેદવારને ૧,૬૯,૧૧૬ મત (૫૩.૬૦ ટકા) અને તેના પ્રતિસ્પર્ધી ઉમેદવારને ૧,૪૬,૩૮૭ મત (૪૬.૪૦ ટકા) મળ્યા હતાં. વિજેતા ઉમેદવાર તેના પ્રતિસ્પર્ધી કરતા ૭.૨૦ ટકા મત એટલે કે, ૨૨,૭૨૯ મતની સરસાઈથી વિજેતા બન્યા હતાં.

પાટણ જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.એમ.પ્રજાપતિએ માહિતી કચેરી ખાતે કાર્યરત એમ.સી.એમ.સી કેન્દ્રની મુલાકાત લીધી

પાટણ, લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત પાટણ જિલ્લામાં યોજાનાર લોકસભા ચૂંટણી માટે જિલ્લા માહિતી કચેરી, પાટણ ખાતે એમ.સી.એમ.સી સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે. ચૂંટણી દરમિયાન ચૂંટણી સંબંધિત વિવિધ ગતિવિધિઓ પર નજર રાખવા માટે મિડિયા સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેની પાટણ જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.એમ.પ્રજાપતિએ મુલાકાત લીધી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ એમ.સી.એમ.સી સેન્ટરની મુલાકાત દરમિયાન એમ.સી.એમ.સી સેન્ટરમાં થતી વિવિધ મીડિયા મોનિટરીંગ પ્રક્રિયાની વિગતવાર માહિતી મેળવી હતી.

તેઓએ ફરજ પરના સ્ટાફ સાથે વાતચીત પણ કરી હતી. પાટણ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તમામ કામગીરી નિહાળીને સંતોષ વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા માહિતી કચેરી ખાતે કાર્યરત એમ.સી.એમ.સી સેન્ટરમાં સ્થાનિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય ન્યુઝ ચેનલનું મોનિટરીંગ થઈ રહ્યું છે. જેમાં પાટણ લોકસભાને લગતી બાબતોનું મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. તદઉપરાંત સોશિયલ મિડીયા ટીમ પણ આ એમ.સી.એમ.સી સેન્ટર ખાતે કાર્યરત છે. જે સોશિયલ મિડીયા હેન્ડલ પર નજર રાખે છે. આ મુલાકાત પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.કે.મકવાણા, નાયબ માહિતી નિયામકશ્રી અમિત ગઢવી, સિનિયર સબ એડિટરશ્રી મિલીંદ ડાભી, માહિતી મદદનીશ રીકલ પરમાર, તેમજ જિલ્લા માહિતી કચેરી અને એમ.સી.એમ.સી સેન્ટરનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

અપર મહાપ્રબંધક પશ્ચિમ રેલવેએ અમદાવાદ અને સાબરમતી સ્ટેશનો પર ચાલી રહેલા પુનઃવિકાસના કામોની કરી સમીક્ષા

અમદાવાદ, પશ્ચિમ રેલ્વેના અપર મહાપ્રબંધક, શ્રી પ્રકાશ બુટાની એ ૬ એપ્રિલ ૨૦૨૪ના રોજ અમદાવાદ અને સાબરમતી સ્ટેશનો પર ચાલી રહેલા પુનઃવિકાસના કામોની સમીક્ષા કરી તથા ઈન્ટીગ્રેટેડ કોચિંગ ડેપો (ICD) સાબરમતી અને ગાંધીનગર સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. અપર મહાપ્રબંધક આ દરમિયાન અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલપમેન્ટના કામોની નોંધ લીધી હતી. અમદાવાદ સ્ટેશન પર તેમણે રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (RLDA) અને અમદાવાદ ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. મુખ્ય પરિયોજના પ્રબંધક આરએલડીએ દ્વારાઆ દરમિયાન પાવર પ્રેઝન્ટેશનના માધ્યમથી રીડેવલપમેન્ટ પ્લાન અને ડિમોલીશન પ્લાન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.આ દરમિયાન વરિષ્ઠ મંડળ પરિચાલન શ્રીમતી જીનિયા ગુપ્તાએ પાવર પ્રેઝન્ટેશનના માધ્યમથી અમદાવાદ સ્ટેશનના પુનઃવિકાસ કાર્ય દરમિયાન ટ્રેનોના સંચાલન, સ્થાનાંતરણ અને મેઈન્ટેનન્સ વગેરે વિશે વિગતવાર માહિતી આપી હતી.

સાબરમતી સ્ટેશન પર શ્રી બુટાનીએ કન્સ્ટ્રક્શન સાઈટની મુલાકાત લઈને કામની પ્રગતિની નોંધ લીધી હતી અને ઉપ મુખ્ય પરિયોજના પ્રબંધક અમદાવાદ, શ્રી અનંત કુમારે સ્ટેશન પર ચાલી રહેલા વિવિધ પુનઃવિકાસના કામોની સ્થિતિ વિશે અપર મહાપ્રબંધક ને માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત અપર મહાપ્રબંધક ઈન્ટીગ્રેટેડ કોચિંગ ડેપો (ICD) સાબરમતી ખાતે ટ્રેનોના રખરખાવ અને મેન્ટેનન્સ તથા ગાંધીનગર સ્ટેશન પર નવનિર્મિત સ્ટેબલિંગ લાઇનનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન, મુખ્ય પરિયોજના પ્રબંધક ઈન્ફ્રા શ્રી સંજીવ કુમાર, મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ) શ્રી સંજય ગુપ્તા,મુખ્ય પ્રોજેક્ટ મેનેજર (નિર્માણ) શ્રી રાજેન્દ્ર કુમાર, મુખ્ય પ્રોજેક્ટ મેનેજર (ગતિશક્તિ) શ્રી અનંત કુમાર, અપર મંડળ રેલ પ્રબંધક (ઈન્ફ્રા) શ્રી દયાનંદ સાહુ, અપર મંડળ રેલ પ્રબંધક (પરિચાલન) શ્રી લોકેશ કુમાર સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

બંદૂકની ગોળીની જેમ સુપરફાસ્ટ વધી રહ્યું છે દેશનું ડિફેન્સ સેક્ટર

નવી દિલ્હી, થોડા વર્ષો પહેલા ભારત સરકારે દેશના ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે મેક ઈન ઈન્ડિયા પહેલ શરૂ કરી હતી. હવે સરકારનો આ કાર્યક્રમ દેશના સંરક્ષણ ક્ષેત્ર માટે વરદાન સાબિત થઈ રહ્યો છે, જે આ ક્ષેત્રને બંદૂકમાંથી છોડેલી ગોળીની જેમ સુપરફાસ્ટ ગ્રોથ આપી રહ્યો છે. 'મેક ઈન ઈન્ડિયા'ની સૌથી મોટી સફળતા દેશના સંરક્ષણ ક્ષેત્રમાં જોવા મળે છે. કારણ કે તેનાથી દેશમાં સંરક્ષણ ઉત્પાદનોનું ઉત્પાદન વધારવામાં ઘણી મદદ મળી છે. એક દાયકા કરતાં પણ ઓછા સમયમાં ભારતે મોટાભાગના સંરક્ષણ ઉત્પાદનોને માત્ર સ્વદેશી બનાવ્યું નથી, પરંતુ તેમના આયાતકારને બદલે નિકાસકાર પણ બની ગયું છે.

સંરક્ષણ ક્ષેત્રમાં દેશની સરકારી સંરક્ષણ કંપનીઓને 'મેક ઈન ઈન્ડિયા' પહેલથી સૌથી વધુ ફાયદો થયો છે. એક સમયે આ કંપનીઓની ક્ષમતાઓ પર પ્રશ્નાર્થ ચિન્હો હતા, પરંતુ હવે આ કંપનીઓ દેશના સંરક્ષણ ક્ષેત્રના વિકાસમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

થોડા દિવસ પહેલા જ દેશના સંરક્ષણ મંત્રીએ આ સફળતાની ગાથા માટે સંરક્ષણ ક્ષેત્રના તમામ સ્ટેકહોલ્ડરનો આભાર માન્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશની સંરક્ષણ નિકાસ ૨૧,૦૮૩ કરોડ રૂપિયાની રહી છે. જ્યારે અગાઉના નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશની સંરક્ષણ નિકાસ માત્ર ૧૫,૯૨૦ કરોડ રૂપિયા હતી. એટલે કે ૩૨.૫ ટકાની સીધી વૃદ્ધિ થઈ છે. જો તમે સંરક્ષણ ક્ષેત્રની વૃદ્ધિ અને નિકાસને લઈને વર્તમાન એનડીએ સરકાર અને અગાઉની યુપીએ સરકારના ૧૦-૧૦ વર્ષના કાર્યકાળ પર નજર નાખો તો તમને મોટો તફાવત જોવા મળશે. ૨૦૦૪-૦૫ થી ૨૦૧૩-૧૪ દરમિયાન યુપીએના કાર્યકાળ દરમિયાન દેશની સંરક્ષણ નિકાસ રૂપિયા ૪,૩૧૨ કરોડ હતી. વર્તમાન દ્રઢછ સરકારના કાર્યકાળ દરમિયાન આ ક્ષેત્રની કુલ નિકાસ ૮૮,૩૧૯ કરોડ રૂપિયા રહી છે.

જો લગ્નના કાયદાઓ બદલાશે નહીં, તો એક દિવસ જાપાનમાં દરેકની સરનેમ એક હશે

જાપાનમાં થયેલા એક સંશોધન બાદ એક વિચિત્ર દાવો કરવામાં આવી રહ્યો છે. રિસર્ચ અનુસાર, જો લગ્નના કાયદામાં કોઈ ફેરફાર નહીં થાય તો એક દિવસ જાપાનમાં દરેકની સરનેમ એક જ હશે. આ કાયદા હેઠળ યુગલોને સરનેમ રાખવાની છૂટ છે. તોહોકુ યુનિવર્સિટીના પ્રોફેસર હિરોશી યોશિદાની આગેવાની હેઠળના સંશોધનનો અંદાજ છે કે જો જાપાન પરિણીત યુગલો પર સમાન અટક પસંદ કરવા દબાણ કરવાનું ચાલુ રાખશે, તો વર્ષ ૨૫૩૧ સુધીમાં દરેક જાપાની પુરુષ "સાતો-સાન" તરીકે ઓળખાશે. વિશ્વની મોટા ભાગની મોટી અર્થવ્યવસ્થાઓથી વિપરીત કે જેણે આ પરંપરાને નાબૂદ કરી છે, જાપાન હજુ પણ કાયદેસર રીતે વિવાહિત યુગલોને સમાન અટક રાખવાની મંજૂરી આપે છે. અહીં સામાન્ય રીતે પત્નીઓ તેમના પતિનું નામ તેમના ઉપનામ તરીકે લે છે અને જાપાનમાં સમલૈંગિક લગ્ન હજુ પણ કાયદેસર નથી. આ નામોમાં સૌથી સામાન્ય નામ 'સાતો-સાન' છે. જે માર્ચ ૨૦૨૩ના સર્વે અનુસાર કુલ વસ્તીના ૧.૫ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે અટક 'સુઝુકી' બીજા સ્થાને છે. પ્રોફેસર યોશિદાએ કહ્યું, જો દરેક વ્યક્તિ સાતો બની જાય, તો આપણને આપણા પહેલા નામ અથવા નંબરથી બોલાવવા પડશે. તેમણે કહ્યું કે એવી દુનિયામાં રહેવું યોગ્ય નથી કે જ્યાં લોકો પોતાની ઓળખ ગુમાવી દે અથવા સમાન બની જાય. તમને જણાવી દઈએ કે યોશિદાનું સંશોધન ઘણી ધારણાઓ પર આધારિત છે, તેના રિપોર્ટ પાછળ જાપાનના લગ્ન કાયદામાં જાપાનની જૂની સંસ્કૃતિનો પ્રભાવ દર્શાવવામાં આવ્યો છે. પ્રોફેસરે કહ્યું, સાત લોકોથી ભરેલો દેશ માત્ર અસુવિધાજનક નથી પરંતુ વ્યક્તિગત ગૌરવને પણ નબળો પાડશે.

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank

શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફીસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બીઉ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર -૪૦૦૬૦૪.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના કાયદા ૧૩(૧૨) હેઠળ અને સિક્યોરિટી એક્ટ (એનફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ દ્વારા નીચે જણાવેલા દેવાદારોને માંગણા નોટિસ આપવામાં આવી હતી. (દિવાન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ દ્વારા આઈસીઆઈસીઆઈ બેંને સોંપેલ પુલ અંતર્ગત)એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટીના અમલીકરણના સંબંધમાં, મંજૂર કરેલ હાઉસિંગ લોનની સુવિધાના સંદર્ભમાં દેવાદારો અને ડીએચએફએલની વચ્ચે થયેલા લોન કરાર અનુસાર દેવાદારો ને નોટિસમાં જણાવેલી રકમ નોટિસ મલ્યાના ૬૦ દિવસની અંદર પરત કરવા અંગે જાણ કરવામાં આવે છે.
દેવાદારો બાકી લેણાં રકમ પરત કરવામાં નિષ્ફળ ગયા છે. આથી જાહેર જનતા અને દેવાદારોને સુચિત કરવામાં આવે છે કે સેક્શન ૧૩(૪) અને ઉપરોક્ત રૂલ્સના રૂલ ૮ હેઠળ મલતાં અધિકારોની રૂએ નીચે જણાવેલી મિલકતોનો નીચે જણાવેલી તારીખે સાંકેતિક કબ્જો લઈ લેવામાં આવેલ છે. આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ પાસે મિલકતો ટાંચમાં હોઈ જાહેર જનતાને અને દેવાદારોને નીચે જણાવેલી મિલકતો સાથે કોઈ પણ જાતનો સોદો ન કરવા માટે તાકિદ કરવામાં આવે છે.

ક્રમ નં.	દેવાદારોં નું નામ/ લોનનો ખાતા નંબર (ડીએચએફએલ જુના લેન અને આઈસીઆઈસીઆઈ નવા લેન)સરનામું	મિલકતોની વિગતો / લાગુ પડતી મિલકતો	ડિમાન્ડ નોટિસની તારીખ/ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
૧	મુકેશભાઈ વિઠ્ઠલભાઈ રાવલ અને ચેતનાબેન મુકેશભાઈ રાવલ (જુના ડીએચએફએલ લેન નંબર 16700000777 અને નવા આઈસીઆઈસીઆઈ લેન નંબર QZMEH00005013031)	સબપ્લોટ નં.૩૭/એ, પ્લોટ નં.૩૭ પશ્ચિમ તરફી, શ્રી ગણેશ રેસિડેન્સી, આર.એસ.નં.૩૭૬/૧ પૈકી, ખાતા નં. ૧૬૨૨૦, ઉંચારપી રોડ, મહેસાણા-૩૮૨૮૪૫/એપ્રિલ ૦૪, ૨૦૨૪	જાન્યુઆરી ૦૧, ૨૦૨૪ રૂા. ૬,૯૩,૧૫૧.૦૦/-	મેહસાણા
૨	રંગાસ્વામી મર્દમુથ્થુ અદિદ્રવિડ અને મુહિલરાની રંગાસ્વામી અદિદ્રવિડ (જુના ડીએચએફએલ લેન નંબર 16700001274 અને નવા આઈસીઆઈસીઆઈ લેન નંબર QZMEH00005008477)	પ્લોટ નં.૧૨૧, નારાયણ હોમ્સ, પાર્થ સિટી પાછળ, ઉંચારપી રોડ, આર.એસ.નં.૪૫૫, ખાતા નં.૧૬૫૮૦, મેહસાણા-૩૮૪૦૦૨/એપ્રિલ ૦૪, ૨૦૨૪	ડિસેમ્બર ૨૮, ૨૦૨૩ રૂા. ૫,૨૨,૪૮૫.૦૦/-	મેહસાણા

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં નોટિસ જાહેર થયાના ૩૦ દિવસની અંદર બાકી લેણાં રકમ પરત કરવામાં નહીં આવે તો સિક્યોરિટી એક્ટ (એનફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮ અને ૯ની જોગવાઈઓ મુજબ ઉપર જણાવેલી મિલકતોનું વેચાણ કરવામાં આવશે.

તારીખ : એપ્રિલ ૦૯, ૨૦૨૪
સ્થળ : મેહસાણા

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

ગુજરાત ટૂલરૂમે ૧૦૦ ટકા ડિવિડન્ડ મંજૂર કર્યું

અમદાવાદ, માઈન્સ અને મિનરલ્સના બિઝનેસમાં કાર્યરત અમદાવાદ સ્થિત ગુજરાત ટૂલરૂમ લિમિટેડ (BSE: 513337)ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આજે સોમવાર, ૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ મળેલી તેની બેઠકમાં શેરદીઠ રૂ. ૧ની ફેસ વેલ્યુના પ્રત્યેક શેર પર રૂ. ૧નું એટલે કે ૧૦૦ ટકા ડિવિડન્ડ મંજૂર કર્યું હતું. બોર્ડે વચગાળાના ડિવિડન્ડના પેમેન્ટ માટે શેરધારકોની પાત્રતા નક્કી કરવાના હેતુ માટે રેકોર્ડ ડેટ તરીકે શનિવાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૪ નક્કી કરી છે.

આ નિર્ણય પોતાના શેરધારકોને મૂલ્ય પ્રદાન કરવાની કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે અને ગુજરાત ટૂલરૂમ લિમિટેડમાં તેમના સતત સપોર્ટ તથા વિશ્વાસનું સન્માન કરે છે. ડિવિડન્ડની ચૂકવણી કંપનીની મજબૂત નાણાંકીય સ્થિતિ તથા તેના રોકાણકારો માટે ટકાઉ વળતર પેદા કરવાની તેની ક્ષમતા દર્શાવે છે. આ પહેલ કંપનીની નાણાંકીય તંદુરસ્તીમાં કંપનીનો વિશ્વાસ તેમજ તેમના અડગ સમર્થન તથા વિશ્વાસ માટે તેના મૂલ્યવાન શેરધારકોને વળતર પૂરું પાડવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરે છે. (૧૮-૨)

ગુજરાત સાયન્સ સિટી ખાતે ખાસ 'પ્લાસ્ટિક મુક્ત સાયન્સ સિટી' અભિયાન હાથ ધરાયું

અમદાવાદ, ગુજરાત સાયન્સ સિટી ખાતે કાર્યરત નેચર ક્લબ ઈકો લાઈફ દ્વારા પર્યાવરણની જાળવણી અંગે જાગૃતિ ફેલાવવા માટેના ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહે છે. જે અંતર્ગત, ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જે.બી. વદરના માર્ગદર્શન હેઠળ સોમવારે ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ ખાસ 'પ્લાસ્ટિક મુક્ત ગુજરાત સાયન્સ સિટી' અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાનમાં સાયન્સ સિટીના તમામ અધિકારીઓ/ કર્મચારીઓ સહિત હાઉસ કીપિંગ ટીમ, ગાર્ડનિંગ ટીમ, સિક્યુરિટી ટીમ, ફાયર વિભાગની ટીમ જોડાઈ હતી. એક્વેટિક ગેલેરી, રોબોટિક્સ ગેલેરી, પ્લેનેટ અર્થ, નેચર પાર્ક, હોલ ઓફ સ્પેસ/ સાયન્સ, લાઈફ સાયન્સ પાર્ક સહિતની વિવિધ ગેલેરીઓ, પાર્કિંગ તેમજ સમગ્ર સાયન્સ સિટી કેમ્પસ ખાતે પડેલા પ્લાસ્ટિક વેસ્ટને એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાત સાયન્સ સિટી દર સોમવારે સાપ્તાહિક જાળવણી માટે મુલાકાતીઓ માટે બંધ રાખવામાં આવે છે. –

બિંદિયાઃ પરંપરાગત વાનગીઓ નું નવું ઘર

અમદાવાદઃ બિંદિયા મમ્મી અને દાદી દ્વારા તૈયાર કરાયેલી પરંપરાગત વાનગીઓનો સ્વાદ માણવા નું વિશેષ સ્થળ છે. ભાટ અમદાવાદ ખાતે તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

બિંદિયાનું ભવ્ય લૉન્ચિંગ મુખ્ય અતિથિ કેલોરેક્સ ગ્રૂપના MD અને CEO ડૉ મંજૂલા પૂજા શ્રોફ, નિવૃત છજી અધિકારી ડૉ એસ.કે નંદા, નિવૃત IFS અધિકારી શ્રીમાન મહેશ સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.બિંદિયા, એક એવું ભોજન સ્થળ છે કે જયાં ભારતભરના વિવિધ રાજ્યોની પરંપરાગત વાનગીઓ પિરસવામાં આવે છે. સાથે જ અહીં હોમશેફને તેમની રસોઈની પ્રતિભા દર્શાવવા અને તેમની કુશળતા રજૂ કરવાનું એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. વધુમાં, બિંદિયા માં ઉચ્ચ ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરીને ઉમદા ભોજન પીરસવામાં આવે છે. સાથે જ સ્વચ્છતાનું પણ કડક પણે પાલન કરવામાં આવે છે. બિંદિયા ના સ્થાપક અને ગસ્ટન હોસ્પિટાલિટીના CMD શ્રીમાન દિનપાલરાયે જણાવ્યું હતું કે સ્ત્રીઓ પોતાને ૧૬ શ્રૃગારથી સજાવે છે. જેમાં બિંદિયા પ્રથમ આવે છે. ભ્રમરની વચ્ચે કુમકુમ કે ચંદનના ચાંદલીથી પીનીયલ ગ્રંથિ સક્રિય થાય છે. જે ત્રીજી આંખ તરીકે આપણા સહજ વિકાસનું સ્થાન છે. આમ બિંદિયા એ આપણા સાંસ્કૃતિક વારસા ને પુનઃજીવિત કરવા માટે લેવાયેલ પગલું છે. અહીંનુ ભોજન અને વ્યવહાર અમારી સૌથી મોટી તાકાત છે. સ્ત્રીઓ દ્વારા સચવાયેલી અમારી આ પ્રથમ સંસ્થા છે. બિંદિયા એક એવું રેસ્ટોરન્ટ-કાફે છે, જ્યાં મહિલાઓની સર્જનાત્મક ક્ષમતા ને સન્માનિત કરવામાં આવે છે. (૧૯-૧)

PRAVEG
Accelerating ideas

પ્રવેગ લીમીટેડ

(જે પહેલા પ્રવેગ કૉમ્યુનિકેશન (ઈન્ડિયા) લિમિટેડ તરીકે ઓળખાતી)
૨૧૪, એથેના એવેન્યુ, જગુઆર શૉરૂમ પાછળ,
એસ.જી. હાઈવે , ગોતા, અમદાવાદ- ૩૮૨૪૮૧
CIN : L24231GJ1995PLC024809 । વેબસાઈટ : www.praveg.com
ઈ-મેલ : cs@praveg.com । ફોન : +૯૧ ૭૯ ૨૭૪૯૬૭૩૭

વધારાની અસાધારણ સામાન્ય સભાની નોટિસ

આથી સૂચના આપવામાં આવે છે કે પ્રવેગ લિમિટેડ ('કંપની') ના સભ્યોની એક અસાધારણ સામાન્ય સભા મંગળવાર, ૩૦ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે IST વિડિયો કોન્ફરન્સિંગ ("VC")/ અન્ય ઓડિયો-વિઝ્યુઅલ અર્થ ("OAVM"), કંપની અધિનિયમ, ૨૦૧૩ ની લાગુ જોગવાઈઓનું પાલન કરીને EGM ની નોટિસમાં નિર્ધારિત વ્યવસાયોનો વ્યવહાર કરવા માટે યોજવામાં આવશે, તે હેઠળ જારી કરાયેલ નિયમો વંચાણે લેતા, અને એમસીએ દ્વારા ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ જારી કરાયેલ સામાન્ય પરિપત્રો સાથે વાંચવામાં આવે છે. ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ,૨૦૨૦, ૫ મે, ૨૦૨૦, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧, ડિસેમ્બર ૮, ૨૦૨૧, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧, ૫ મે, ૨૦૨૨ અને ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ભારતના સિક્યોરિટીઝ અને એક્સચેન્જ બોર્ડ દ્વારા જારી કરાયેલ સંબંધિત પરિપત્રો નું પાલન કરી,નોટિસમાં દર્શાવ્યા મુજબ, વ્યવસાયોના વ્યવહાર માટે સભ્યોની વ્યક્તિગત હાજરી વિના શેરધારકોની સામાન્ય સભા બોલાવવા સંબંધિત.

કંપનીએ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા ૦૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ઈજીએમ બોલાવતી નોટિસ એવા સભ્યોને મોકલી છે કે જેમના ઈમેલ એડ્રેસ કંપની અને/અથવા ડિપોઝિટરીઝમાં ઉપરોક્ત MCA પરિપત્રો અને સેબીના પરિપત્રો અનુસાર નોંધાયેલા છે. ભૌતિક નકલો મોકલવાની જરૂરિયાત MCA પરિપત્રો અને SEBI પરિપત્રો દ્વારા વિતરિત કરવામાં આવી છે. EGM બોલાવવાની સૂચના કંપનીની વેબસાઈટ www.praveg.com પર અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે. તે સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ એટલે કે BSE લિમિટેડ www.bseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.

અધિનિયમની કલમ ૧૦૮ અને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના સુધારેલા અને રેગ્યુલેશન ૪૪ ની જોગવાઈઓને અનુસરીને સભ્યોને NSDL દ્વારા પૂરી પાડવામાં આવેલ ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ (ઈ-વોટિંગ) નો ઉપયોગ કરીને ઈજીએમ બોલાવતી નોટિસમાં દર્શાવ્યા મુજબ તમામ ઠરાવ પર તેમનો મત આપવાની સુવિધા આપવામાં આવે છે. સભ્યોના મતદાન અધિકારો ૨૩ એપ્રિલ, ૨૦૨૪ (કટ-ઓફ તારીખ) ના રોજ કંપનીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીમાં તેમના દ્વારા રાખવામાં આવેલા ઈક્વિટી શેરના પ્રમાણમાં હશે.

જો સભ્ય(સદસ્યો)એ કંપની/ડિપોઝીટરીમાં તેમના ઈ-મેલ સરનામાંની નોંધણી કરાવી ન હોય, તો કૃપા કરીને ઈ-વોટિંગ માટે લોગિન વિગતો મેળવવા માટે ઈ-મેલ સરનામાંની નોંધણી કરવા માટે નીચેની સૂચનાઓને અનુસરોઃ

ડીમેટ મોડમાં શેર ધરાવતા સભ્યો તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટનો સંપર્ક કરીને અથવા DPID-CLID (૧૬ અંકનો DPID CLID અથવા ૧૬ અંકનો લાભાર્થી ID), નામની વિગતો સાથે cs@praveg.com પર ઈ-મેલ દ્વારા નોંધણી કરાવી શકે છે., ક્લાયન્ટ માસ્ટર અથવા કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની કૉપિ, PAN (PAN કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કૉપિ), AADHAR (આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કૉપિ).

કટ-ઓફ તારીખે ભૌતિક સ્વરૂપમાં અથવા ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો, NSDL ના રિમોટ ઈ-વોટિંગ દ્વારા નોટિસમાં નિર્ધારિત ખાસ વ્યવસાયિક બાબતો પર ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે છે. સભ્યોને જાણ કરવામાં આવે છે કેઃ

a નોટિસમાં નિર્ધારિત તમામ ખાસ વ્યવસાયિક બાબતોનો વ્યવહાર ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન દ્વારા કરવામાં આવશે. રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો **શુક્રવાર, ૨૬ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે શરૂ થશે અને સોમવાર, ૨૯ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે સમાપ્ત થશે.**

b કોઈપણ વ્યક્તિ કે જે આ EGM ની નોટિસ મોકલવાની તારીખ પછી કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખે શેર ધરાવે છે, તે evoting@nsdl.co in અથવા cs@praveg.com. પર વિનંતી મોકલીને લોગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.

c સભ્યો ઉપર જણાવેલ તારીખ અને સમય પછી ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકશે નહીં અને ત્યારબાદ NSDL દ્વારા મતદાન માટે રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલને અક્ષમ કરવામાં આવશે.

d એકવાર સભ્ય દ્વારા ઠરાવ પર મત આપવામાં આવે તે પછી, તેને/તેણીને તે પછીથી બદલવાની અથવા ફરીથી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

e જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત આપ્યો છે તેઓ ઈજીએમમાં હાજરી આપવા માટે પાત્ર હશે. જો કે, તેઓ EGM દરમિયાન મતદાન કરવા માટે પાત્ર રહેશે નહીં

f ફક્ત તે જ સભ્યો, જેઓ VC/OAVM સુવિધા દ્વારા EGMમાં હાજર રહેશે અને રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર પોતાનો મત આપ્યો નથી અને અન્યથા આમ કરવાથી પ્રતિબંધિત નથી, તે ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવા માટે પાત્ર રહેશે.

જો તમારી પાસે ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય, તો તમે મદદ વિભાગ હેઠળ www.evoting.nsdl.com પર ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQS) અને ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકો છો અથવા evoting@nsdlco.in પર ઈમેલ લખી શકો છો.અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૨૨-૯૯૦ પર કૉલ કરો.

પ્રવેગ લિમિટેડ
(જે પહેલા પ્રવેગ કૉમ્યુનિકેશન્સ (ઈન્ડિયા)લિમિટેડ તરીકે ઓળખાતી
સહી/-
મુકેશ ચૌધરી
કંપની સેક્રેટરી

તારીખ : ૦૮/૦૪/૨૦૨૪
સ્થળ : અમદાવાદ

શ્રીરામ હાઉસિંગ ફાયાનાન્સ લીમીટેડ

SHRIRAM HOUSING FINANCE

રજી. ઓફિસઃ ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પા નૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ- ૬૦૦ ૦૦૧
હેડ ઓફિસ : લેવલ ૩, વૉકહાર્ટ ટોવર, ઈસ્ટ વિન્ગ, સી-૨, બ્લોક, બાંન્દ્રા કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૧
વેબસાઈટ : www.shriramhousing.in

કબ્જા નોટીસ

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લિમીટેડ (એસએચએફએલ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદો) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ કરજદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.

કરજદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે.પરિણામે કરજદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ફાયનેન્શીયલ એસેટ્સ અનેસિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ, ૨૦૦૨ના નિયમ ૧૩(૪) વંચાણે લેતા મળેલી સત્તાની રૂએ ૦૬/૦૪/૨૦૨૪ના રોજ કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલકતનો ભૌતિક કબ્જો મેળવી લીધો છે.

કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લી.ની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.

કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે.

કરજદારનું નામ અને સરનામું	માંગણા નોટિસ મુજબ બાકી રકમ	ગિરો મિલકતનું વિવરણ
૧. ગૌરાંગભાઈ કૌશિકભાઈ મોદી ૨. રવિનાબેન ગૌરાંગકુમાર મોદી હાલનું સરનામું : ૨૭૬-૧, બ્રાહ્મણ ફળિયુ, પંડરવાડા, મહિસાગર-૩૮૯૨૩૨. અન્ય મિલકત સરનામું : ફ્લેટ નં. એ- ૫૦૩, ૪થો માળ, દ્વારકાપુરી ટૉઉનશીપ- એ, મેઘરજ રોડ એટ્ : સયરા તા. મોડાસા, ડિસ્ટ. અરાવલ્લી- ૩૮૩૩૧૫.	રૂા. ૧૮,૫૨,૨૯૫/- (રૂપિયા અઢાર લાખ બાવન હજાર બ સો પંચાણું પુરા) જે ૦૬/૧૨/૨૦૨૩ સુધી રેફેન્સ ઓફ લોન એકાઉન્ટ નં. SHLHIMMT0000059 અને ઉપરોક્ત નિર્ધારિત વ્યાજ દર,સાથે જણાવેલ નોટીસ પ્રસિધ્ધ અને પ્રાપ્ત થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી. ૧૩(૨)નોટિસ તારીખ.૧૧/૧૨/૨૦૨૩.	તમામ ભાગ અને હિસ્સો ઓફ સ્થાવર મિલકત બિઈંગ પ્લોટ નં. ૨ બ્લોક નં. એ, ફ્લેટ નં. ૫૦૩ (૪થો માળ) જેનો માપ એરિયા ૯૪.૮૮ સ્કેવર મી. સયરા લેન્ડ બેરિંગ સર્વે નં. ૮૯૨/૧ પૈકી (નવો નં. -૨૪૯) દ્વારકાપુરી બિઈંગ પ્લોટ નં. ૨ બ્લોક નં.- એ, ફ્લેટ નં. ૫૦૩ (૪થો માળ) મૌજે સયરા, તાલુકા મોડાસા ડિસ્ટ્રિક્ટ ઓફ અરવલ્લી અને રજીસ્ટ્રેશન સબ- ડિસ્ટ્રિક્ટ ઓફ અરાવલ્લી ગુજરાત રાજ્યમાં સ્થિત છે મિલકતની ચારે બાજુ (દસ્તાવેજ મુજબ)- પુર્વે :- માર્જીન પશ્ચિમે :-ફ્લેટ નં. ૫૦૪ પછી કૉમન પૈસેજ ઉત્તરે :- ફ્લેટ નં. ૫૦૧ દક્ષિણે :- ફ્લેટ નં. ૫૦૫.
૧. રાકેશભાઈ એમ. પ્રજાપતિ, ૨. તારાબેન આર. પ્રજાપતિ સરનામું :- મહાદેવફલી, એટ્ અને પીઓઃ રામગઢી, તા. મેઘરજ, ગામઃ મોતીપુરા તાલુકો : હિમ્મતનગર, જિલ્લો :- સાબરકાંઠા- ૩૮૩૩૫૦ અન્ય સરનામું : ફુટવિયર શૉપ, તા.: મેઘરજ, જિલ્લા : અરવલ્લી- ૩૮૩૩૫૦ અન્ય સરનામું :- ફ્લેટ નં. ૫૦૨, બ્લોક નં. બી, દ્વારકાપુરી ટૉઉનશીપ, મૌજે : સયરા, તાલુકોઃ મોડાસા જિલ્લો : અરાવલ્લી- ૩૮૩૩૧૫.	રૂા. ૧૮,૬૧,૦૧૬/- (રૂપિયા અઢાર લાખ એકસઠ હજાર સોલ માત્ર) જે ૧૦.૦૧.૨૦૨૪ અંદર રેફેન્સ લોન એકાઉન્ટ નં. SHLHIMMT0000055 અને ઉપરોક્ત નિર્ધારિત વ્યાજ દર,સાથે જણાવેલ નોટીસ પ્રસિધ્ધ અને પ્રાપ્ત થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી. ૧૩(૨)નોટિસ તારીખ.૧૨/૦૧/૨૦૨૪.	તમામ ભાગ અને હિસ્સો ઓફ સ્થાવર મિલકત સર્વે નં. ૮૯૨/૧, પૈકી (નવો નં. ૨૪૯), દ્વારકાપુરી બિઈંગ પ્લોટ નં. ૧, બ્લોક નં. બી, ફ્લેટ નં. ૫૦૨ (૪થો માળ) જેનો માપ એરિયા ૮૯.૬૩ સ્કેવર મી. , મૌજે : સયરા, તાલુકો : મોડાસા જે ડિસ્ટ્રીક્ટ ઓફ અરવલ્લી અને રજીસ્ટ્રેશન સબ - ડિસ્ટ્રીક્ટ ઓફ અરાવલ્લી ગુજરાત રાજ્યમાં સ્થિત છે . મિલકતની ચારે બાજુ : પુર્વે : ફ્લેટ નં. ૫૦૧, પશ્ચિમે :- માર્જીન ઉત્તરે : માર્જીન દક્ષિણે :- ફ્લેટ નં. ૫૦૪ પછી કૉમન પૈસેજ.
૧. સંજયકુમાર માણાભાઈ પ્રજાપતિ, ૨. શર્મિષ્ઠાબેન સંજયભાઈ પ્રજાપતિ, સરનામું :- ડેરી ફળી, રામગઢી, મેઘરજ, સાબરકાંઠા, મેઘરજ- ૩૮૩૩૫૦ અન્ય સરનામું : શેઠ્ઠલ જનરલ સ્ટોર, રામગઢી, અરાવલ્લી, મેઘરજ - ૩૮૩૩૫૦. એનેય સરનામું : ફ્લેટ નં. ૫૦૩, બ્લોક નં. બી, દ્વારકાપુરી ટૉઉનશીપ, મૌજે : સયરા, તાલુકોઃ મોડાસા જિલ્લો : અરાવલ્લી- ૩૮૩૩૧૫	રૂા. ૧૯,૬૩,૨૭૪/- (રૂપિયા ઓગણીસ લાખ ત્રેસઠ હજાર બ સો ચુવોંતેર માત્ર) જે ૧૦.૦૧.૨૦૨૪ અંદર રેફેન્સ લોન એકાઉન્ટ નં. SHLHIMMT0000056 અને ઉપરોક્ત નિર્ધારિત વ્યાજ દર,સાથે જણાવેલ નોટીસ પ્રસિધ્ધ અને પ્રાપ્ત થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી. ૧૩(૨)નોટિસ તારીખ.૧૨/૦૧/૨૦૨૪.	તમામ ભાગ અને હિસ્સો ઓફ સ્થાવર મિલકત સર્વે નં. ૮૯૨/૧, પૈકી (નવો નં. ૨૪૯, દ્વારકાપુરી, બિઈંગ પ્લોટ નં. ૫૦૩ (૪થો માળ) જેનો માપ એરિયા ૯૪.૫૪ સ્કેવર મી. મૌજે : સયરા, તાલુકો : મોડાસા ડિસ્ટ્રીક્ટ ઓફ અરવલ્લી ગુજરાત રાજ્યમાં સ્થિત છે. મિલકતની ચારે બાજુ : પુર્વે : માર્જીન પશ્ચિમે : કૉમન પૈસેજ ઉત્તરે : ફ્લેટ નં. ૫૦૧ દક્ષિણે : ફ્લેટ નં. ૫૦૫

સ્થળ : મોડાસા- અરવલ્લી
તારીખ :૦૬/૦૪/૨૦૨૪.

સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪:- બનાસકાંઠા

૩૬,૦૯૭ યુવા મતદારો પ્રથમવાર લોકશાહીના મહાપર્વમાં સહભાગી બનશે

મને આ વખતે ચૂંટણી કાર્ડ મળ્યું છે હું પ્રથમવાર મતદાન કરીશ:- નિકિતા ઠાકોર

સૌથી વધુ થરાદ મત વિસ્તારમાં ૪,૬૪૧ અને સૌથી ઓછા દાંતા મત વિસ્તારમાં ૩,૪૮૭ યુવા મતદારો

પાલનપુર

બનાસકાંઠા લોકસભાની ચૂંટણીને લઈ જિલ્લા ચૂંટણી પંચ દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે. જિલ્લા વહીવટીતંત્ર ચૂંટણી યોજવા સજ્જ બન્યું છે. લોકશાહીના આ પર્વમાં વધુ વધુ નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે એ માટે મતદાર જાગૃતિના અનેક કાર્યક્રમો કરવામાં આવી રહયા છે. જેમાં મતદાર યાદી સુધારણા કાર્યકમ હેઠળ ૩૬,૦૯૭ યુવા મતદારો પહેલી વાર મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જિલ્લાના કુલ મતદારોની સંખ્યા ૨૫,૫૧,૬૦૧ છે. મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત ચૂંટણીપંચ દ્વારા જાહેર કરવામાં આવેલા આખરી મતદાર યાદી હેઠળ જિલ્લામાં ૨૦,૬૫૩ યુવતિઓ અને ૧૫,૪૪૪ યુવાન મળી કુલ ૩૬,૦૯૭ યુવા મતદારો બનાસકાંઠા લોકસભા મતવિસ્તારમાં નોંધાયા છે. જેમાં સૌથી વધુ થરાદ મત વિસ્તારમાં ૪૬૪૧ યુવા મતદાર અને સૌથી ઓછા દાંતા મત વિસ્તારમાં ૩૪૮૭ યુવા મતદારો નોંધાયા છે. ભારતીય બંધારણે ૧૮ વર્ષના નાગરિકને મતનો અધિકાર આપ્યો છે. યુવા અવસ્થામાં પ્રથમ મતદાનનો રોમાંચ યુવાઓમાં કંઈક અલગ જ હોય છે. યુવાઓ હોંશે હોંશે મતદાન કરી લોકશાહીમાં પોતાના મતાધિકાર દ્વારા હાજરી નોંધાવતા હોય છે. કોઈપણ દેશની પ્રગતિ અને વિકાસમાં યુવાશક્તિનું મહત્વનું યોગદાન હોય છે. યુવા શક્તિ ક્રાંતિ અને શાંતિના જનક બનવાનું સામર્થ્ય ધરાવે છે. વિશ્વમાં સૌથી વધુ યુવાધન પણ ભારત દેશ પાસે છે ત્યારે ચૂંટણીમાં પણ યુવા શક્તિ નિર્ણાયક બની રહેતી હોય છે. પાલનપુરની રહીશ નિકિતા મણાજી ઠાકોર નામની યુવતી કે જે પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ આ લોકસભાની ચૂંટણીમાં કરશે. તેણે ઉત્સાહ સાથે જણાવ્યું કે તેને ચૂંટણી કાર્ડ મળ્યું છે. પ્રથમવાર મત આપવાની મને અનેરી ખુશી છે. આ ચૂંટણીમાં હું મારા મતાધિકારનો ઉપયોગ કરીશ. યુવા મતદાર રાહુલ ચૌધરીએ જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં પ્રથમવાર મતદાન કરીશ, મને ખુબ જ ખુશી અને આનંદ છે. મારા માટે આ પ્રથમ મતદાન એટલા માટે પણ યાદગાર છે કે હું, મારા પપ્પા અને મારી સો વર્ષની દાદી, અમે ત્રણે પેઢી એક સાથે મતદાન કરીશું. જેથી પ્રથમ મતદાનની અલગ જ ખુશી છે.

વિધાનસભા મત વિસ્તાર મુજબ યુવા મતદારોની સંખ્યા

વિધાનસભા	સ્ત્રી	પુરુષ	કુલ
૭- વાવ	૨૨૭૬	૧૭૫૬	૪૦૩૨
૮- થરાદ	૨૭૪૧	૧૯૦૦	૪૬૪૧
૯- ધાનેરા	૨૨૫૧	૧૭૧૯	૩૯૭૦
૧૦- દાંતા	૨૦૩૦	૧૪૫૭	૩૪૮૭
૧૧- વડગામ	૨૩૩૦	૧૭૯૧	૪૧૨૧
૧૨- પાલનપુર	૧૯૭૮	૧૬૭૮	૩૬૫૬
૧૩- ડીસા	૨૦૯૬	૧૫૬૭	૩૬૬૩
૧૪- દિયોદર	૨૩૩૯	૧૫૬૬	૩૯૦૫
૧૫- કાંકરેજ	૨૬૧૨	૨૦૧૦	૪૬૨૨
કુલ	**૨૦,૬૫૩**	**૧૫,૪૪૪**	**૩૬,૦૯૭**

વાઘોડિયા રોડ પરના એટીએમમાં ચોરીનો પ્રયાસ કરનાર ઈસમ ઝડપાયો

વડોદરા,

વડોદરાના વાઘોડિયા રોડ પર એસબીઆઈના એટીએમમાંથી ચોરીનો પ્રયાસ થયો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. સમગ્ર બનાવમાં નવસારી ખાતે પેટ્રોલ પંપમાંથી ૪૫ હજાર રૂપિયા અને મોબાઈલની ચોરી કરનાર કર્મચારીને વડોદરા ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યો છે.

વડોદરાના પાદરાનું સાંધા ગામ સૌથી યુવાન, ૩૯ વર્ષથી નીચેના ૫૩ ટકા મતદારો

વડોદરા,

લોકસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને તૈયારીઓ ચાલી રહી છે. આ ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય એ માટે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા તૈયારીઓ સાથે મતદારોને તેમને મળેલા મતદાનના બંધારણીય અધિકારના ઉપયોગ કરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને યુવા મતદારો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. વડોદરા જિલ્લામાં સૌથી વધુ યુવા મતદારો ધરાવતું ગામ પાદરા તાલુકાનું સાંધા છે. ત્યાંની કુલ વસતીના ૫૩ ટકા મતદારો યુવાન છે. આ ગામમાંથી ૧૨૪ યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરવાના છે.

સાંધા ગામમાં કુલ ૨૨૧૪ મતદારો છે. તેમાંથી ૧૧૮૮ મતદારો યુવાવસ્થા ધરાવે છે. વય જૂથ પ્રમાણે જોઈએ તો ૧૮થી ૧૯ના ૧૨૪, ૨૦થી ૨૯ના ૬૦૭ અને ૩૦થી ૩૯ વયના ૪૫૭ મતદારો છે. આવું જ બીજુ ગામ કરજણ તાલુકાનું વલણ ગામ છે. જિલ્લામાં અહીં આ વખતે સૌથી વધુ ૨૫૭ યુવાનો પ્રથમ વખત મતદાન કરવાના છે. વલણના કુલ ૮૫૦૩ મતદારો પૈકી ૪૯.૩૧ ટકા એટલે કે ૪૧૯૩ મતદારો ૩૯ વર્ષ કે તેનાથી ઓછી વયના છે.

વડોદરા જિલ્લામાં કુલ ૨૬,૩૮,૭૪૬ મતદારો પૈકી ૫૧૬૪૫ મતદારો ૧૮થી ૧૯ વયના છે અને તેઓ આ લોકસભાની ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરશે. એ પ્રમાણે જોઈએ તો કુલ મતદારોની સાપેક્ષે બે ટકા મતદારો પ્રથમ વખત મતદાન કરશે. પાદરા મતવિસ્તારમાં સૌથી વધુ ૬૧૫૬ મતદારો પહેલી વાર મતદાન કરશે. વડોદરા જિલ્લામાં કુલ ૪૧.૮૧ ટકા એટલે કે, ૧૧,૦૩,૪૪૧ મતદારો યુવાન છે. જેની ઉમર ૩૯ વર્ષથી નીચે છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ થોડા સમય પૂર્વે વડોદરામાં એક બેઠક યોજી મતદાર નોંધણીને વેગવાન બનાવવા માટે સૂચના આપી હતી. ત્યાર બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બૂથ લેવલ ઓફિસર (બીએલઓ) સુધી સતત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેના પગલે વડોદરાની ૧૦ વિધાનસભા બેઠકોમાં મતદારોનો એક પણ ભાગ એવો નથી કે જેમાં ૧૮થી ૧૯ વર્ષનો મતદાર ના હોય ! તમામ પાર્ટમાં લઘુત્તમ ૮ જેટલા તો પ્રથમ વખતના મતદારો છે.

૧૮થી ૧૯ વયના મતદારોની સમીક્ષા કરીએ તો સાવલીમાં આવા ૫૯૭૫ મતદારો છે. જેમાં વરસડામાં ૧૯૫, જાંબુગોરલમાં ૯૦, ડેસરમાં ૧૪૪, શિહોરામાં ૧૨૧, સાવલી નગરમાં ૩૪૪, વાંકાનેરમાં ૧૭૨ ઉક્ત વય જૂથના મતદારોને નોંધવામાં આવ્યા છે.

વાઘોડિયા બેઠકમાં સોખડાના ૧૧ બૂથ ઉપર ૨૩૫, નંદેસરીના ૯ ભાગના ૧૫૦ સહિત શેરખી, વાઘોડિયા ગામમાં પ્રથમ વખતના મતદારોની સંખ્યા નોંધપાત્ર છે. આ બેઠક ઉપર ૫૩૫૮ મતદારો ૧૮થી ૧૯ વર્ષના છે.

ડભોઈ નગરમાં જ ૧૧૪૧ યુવાનો પ્રથમ વખત મતદાન કરશે. આ ઉપરાંત કાયવરોહણ ગામના આઠ ભાગમાં ૧૫૧ પહેલી વખતના નવા મતદારો નોંધાયા છે. અહીં આવા મતદારોની સંખ્યા ૫૮૨૪ છે.

વડોદરા શહેરની બેઠક ઉપર ૪૭૧૦ મતદારો ૧૮થી ૧૯ વય જૂથના છે. જેમાં સંગમ સવાદ વિસ્તારમાં ૮૮૫, ફતેહપૂરામાં ૭૨૧, સયાજીપૂરામાં ૫૨૧નો આંક નોંધપાત્ર છે. સયાજીગંજ બેઠકમાં આવા મતદારોની સંખ્યા ૪૬૩૯ છે અને સૌથી વધુ ગોરવા વિસ્તારના ૧૦૨ ભાગમાં ૧૭૮૬ મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

પ્રામાણિકતાનો દાખલો: ATM માંથી મળેલા પૈસા બેંકમાં પરત કર્યા

પાટણ

પાટણ ખાતે રહેતા ઈશ્વરભાઈ નાગરદાસ પટેલ દ્વારા ગઈકાલ પાટણ ખાતે આવેલ એટીએમ ની અંદર પોતાના અંગત કામ ખાતર પૈસાની જરૂરિયાત હોય પૈસા ઉપાડવા માટે ગયેલ હતા ત્યારે સદર એટીએમ ની અંદર ૫૦૦૦ રૂપિયા ની ૫૦૦ના દરની નોટો અડધી બહાર નીકળેલી જોવા મળતા તેઓ દ્વારા નોટો લઈને સ્ટેટ બેન્કના મેનેજર ને રૂબરૂ આપીને માનવતાનું એક ઉત્તમ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અત્યારે હાલના સમયમાં કેટલીક જગ્યાએ ફ્રોડ થઈ રહ્યું હોવાનાં દાખલા પણ સામે આવી રહ્યા છે ત્યારે કેટલાક એવા પણ પ્રામાણિક વ્યક્તિઓ છે કે જેઓને બીનવારસી મળેલી વસ્તુઓ પણ મૂળ માલિકને પરત કરવાના દાખલાઓ બેસાડી રહ્યા છે ત્યારે વધુ એક દાખલો આજે પાટણ ખાતે બનવા પામ્યો હતો જેમાં પાટણ ખાતે રહેતા પટેલ ઈશ્વરભાઈ નાગરદાસ (જાયન્ટપીપલ્સ ના હોદેદાર)દ્વારા પોતાના પૈસા એટીએમમાંથી ઉપાડવા ગયેલા હતા ત્યારે જે એટીએમ માંથી પૈસા ઉપાડવાના હતા તે એટીએમમાં ખાનામાં ૫,૦૦૦ ની ૫૦૦ ના દરની અડધી નોટો બહાર દેખાતા તેઓ દ્વારા લઈને તેઓના મિત્ર સુરેશભાઈ સી પટેલ (ધી. પાટણ નાગરિક બેન્કના પૂર્વ ચેરમેન શ્રી) ને જાણ કરી હતી.

ડીસા ભાજપ પ્રદેશ પ્રમુખની ઉપસ્થિતિમાં જિલ્લા કાર્યકર્તાઓની બેઠક યોજાઈ

ડીસા

ડીસામાં આજે ગુજરાત પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની કાર્યકર્તા બેઠક યોજાઈ હતી. જેમાં મંત્રી બળવંતસિંહ રાજપૂત, સાંસદ પરબત પટેલ, રાજ્યસભા સાંસદ બાબુ દેસાઈ સહિત ભાજપના ધારાસભ્યો, આગેવાનોની ઉપસ્થિતિમાં જિલ્લાના ૨૧૬૦ બુથ પ્રમુખે ચુંટણી લક્ષી માર્ગદર્શન આપી બનાસકાંઠા ઉમેદવાર ડો. રેખાબેન ચૌધરીને પાંચ લાખથી વધુની જીતાડવાની સૂચના આપી હતી. આ કાર્યક્રમમાં સી આર પાટીલે બુથ પ્રમુખોને સંબોધન કરતા જણાવ્યું હતું કે હું ભાષણ કરવા આવ્યો નથી. આપણે દરેક સીટ ૫ લાખ મતોથી જીતીશું, આપણે ફાંકા મારવા વાળા નથી. ગત વિધાનસભામાં જે ભૂલ ફરી ન થાય તે માટે તમારી સામે આવ્યો છું.ગુજરાતના વિધાનસભા ઈલેક્શનમાં આમ આદમી પાર્ટીને ૪૦ લાખ, કોંગ્રેસને ૮૦ લાખ અને ભાજપને ૧.૬૮ લાખ મત મળ્યા હતા અને આપણે ૩.૫ લાખ મત માટે ૨૬ સીટ હારી ગયા હતા.જેમાં ગુજરાતમાં સૌથી વધારે સીટ બનાસકાંઠામાં હાર્યા હતા. જે હારવાનું કલંક આ ચુંટણીમાં ભૂસી નાખજો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે બુથ પ્રમુખની નીચે ૧૪ લોકોની સમિતિ છે દરેક પેજ પર ૧૫૦ લોકો છે. ગુજરાતમાં એકલા ભાજપ પાસે ૭૪ લાખ પેજ પ્રમુખ છે અને ભાજપના ગુજરાતમાં ૧.૧૩ કરોડ સભ્યો છે. આ ૭૪ લાખ પેજ પ્રમુખ માત્ર ત્રણ સભ્યો બનાવે તો ૨.૨૨ કરોડ મતદાર થાય છે અને ૨.૨૨ કરોડ મતદારો મતદાન કરે તો કોંગ્રેસને જતી રહેશે. આપણે ૪૫ લાખ ઝંડી બનાવી છે જે ઘરે ઘરે લગાવવાની છે.કાલે સ્થાપના દિને સવારે ૮ વાગે પેજ કમિટીના સભ્યોને મળી વંદન કરી વૃદ્ધ અને દિવ્યાંગ લોકોને મતદાન કરાવવા માટે ઘરેથી વ્યવસ્થા કરાવો અને બે કલાકમાં ૧૦ ઘર પતિ જશે અને મત ભાજપની તરફેણમાં જશે, તેમજ સંપર્ક અત્યંત જરૂર છે, લોકોને યાદ કરાવવું પણ જરૂર છે. બનાસકાંઠામાં ઘરે ઘરે ઝંડી બંધી કેસરિયો લહેરાશે તો ભલ ભાલાના હાંઝા ગગડી જશે. ગુજરાતમાં આ વખતે લોકસભાની તમામ બેઠક જીતવાની હેટ્રિક લગાવી તમામ સીટ જીતવાનો સંકલ્પ કરો,વારેવારે જે આપણને નડે છે તેની ડિપોઝિટ પૂરી કરી નાખજો.

ડીસા તાલુકાના દામા ગામે યુવક પર હુમલો કરી મુંડન કરાતા ચકચાર મચી જવા પામી

ડીસા, ડીસા તાલુકાના દામા ગામે યુવકને રાત્રે લેવા માટે બોલાવી પ્રેમિકાના પતિ સહિત ચાર લોકોએ જીવલેણ હુમલો કરી માથે ટકો કરી વિડિયો વાયરલ કર્યો હોવાની ઘટના સામે આવી છે. જે મામલે પ્રેમિકા સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાતા ડીસા તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ડીસા તાલુકાના રહેતા લેબાજી બળવંતજી ઠાકોર ખેત મજૂરી કરીને જીવન ગુજારે છે અને લેબાજીને આઠ મહિના અગાઉ દામા ગામની એક યુવતી સાથે પ્રેમ થઈ જતા તેઓ બંને નાસી ગયા હતા. બાદમાં બંને જણા પકડાઈ જતા યુવકના પરિવારજનોએ યુવતીને તેના પરિવારને પરત સોંપી હતી. તે દરમિયાન બે દિવસ અગાઉ યુવતીએ લેબાજીને ફોન કરી લેવા માટે બોલાવ્યો હતો જેથી લેબાજી રાત્રે ૧૨ વાગે બાઈક લઈને દામા ગામે સીએનજી પંપ પાસે પહોંચ્યા હતા જ્યાં યુવતીના પતિ,તેના સસરા અને બે મહિલાઓ સહિત ચાર લોકોએ અપશબ્દો બોલી ગડદા પાટુનો માર માર્યો હતો તેમજ લેબાજીને બળજબરી પૂર્વકે તેમના ઘર તરફ ઉઠાવી જઈ માંથે ટકો કરી તેને માર મારતાનો વિડીયો બનાવ્યો હતો જેમાં કેટલાક લોકો યુવકને પકડી રાખે છે અને મહિલા તેને માથે ટકો કરતાનો વિડીયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. બાદમાં અન્ય લોકોએ સમજાવતા યુવકને ડીસા તાલુકા પોલીસ મથકે લાવી તેના વિરુદ્ધ અરજી કરી હતી.બનાવને પગલે યુવકના પરિવારજનો પણ પોલીસ મથકે પહોંચ્યા હતા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત લેબાજીને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને વધુ સારવાર માટે પાલનપુર સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો. તબિયત સુધરતા પીડિત લેબાજી તાલુકા પોલીસ મથકે પહોંચી યુવતીના પતિ, સસરા સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવતા ડીસા તાલુકા પોલીસે વધુ તપાસ કરી છે.આ બનાવ અંગે યુવક લેબાજી ઠાકોર અને તેની માતા ગીતાબેન ઠાકોરે જણાવ્યું હતું કે ૮ મહિના અગાઉ લેબાજી યુવતીને લઈ ગયો હતો જો કે યુવતીને તેના પરિવારજનોને પરત સોંપી દીધી હતી. તે દરમિયાન રાત્રે યુવતીનો ફોન આવ્યો હતો અને મને લઈ જા નહિતર હું મરી જઈશ એવું કહેતાં લેબાજી દામા ગામે પહોંચ્યો હતો.

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

ઓપન ઈ-ટેન્ડર નોટિસ

ટેન્ડર નં. EL/TRD/Tender/23-24/29R, ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ ટીઆરડી), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390004 દ્વારા નીચે જણાવેલ કામ માટે ટેન્ડર આમંત્રિત છે. **અ.નં. 1 ટેન્ડર નં. અને કામનું નામ: EL/TRD/ Tender/ 23-24/29R,** વડોદરા ડિવિઝનમાં બે વર્ષના સમયગાળા માટે સુરત-વડોદરા-ગેરતપુર અને વડોદરા-ગોધરા સેક્શનમાં થર્મો વિઝન કેમેરાનો ઉપયોગ કરીને 25kV AC ટ્રેક્શન ઇન્સ્ટોલેશનની ખામી અને હોટસ્પોટનું આઈડેન્ટીફિકેશન. **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 24,71,520/- **બિડ સિક્યોરિટી (રૂ.માં):** ₹ 49,400/- **ટેન્ડર ડોક્યુમેન્ટ્સની કિંમત અને પૂર્ણ કરવાનો સમયગાળો:** પૂર્ણ કરવાનો સમયગાળો- 24 મહિના, **ટેન્ડરનું શિડ્યુલ:** ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય: તા. 02/05/2024 ના રોજ 15.00 કલાકે. **વેબપેજની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે. અને માહિતી માટે ઓફિસનું સરનામું:** વેબસાઈટ @ **www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ ટીઆરડી), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004

(EL/TRD/Tender/23-24/29R dtd. 03/04/2024) 370

અમને લાઈક કરો: facebook.com/WesternRly

ડીસા-ભીલડી હાઈવે પર રાત્રી દરમિયાન એક યુવકે ઝેરી પ્રવાહી પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

ડીસા, ડીસા-રાધનપુર હાઈવે પર રાત્રે એક યુવા ખેત મજૂર યુવકે ઝેરી પ્રવાહી પી આત્મહત્યાની કોશિશ કરી હોવાની ઘટના બની છે. બનાવને પગલે આજુબાજુના સેવાભાવી લોકોએ તાત્કાલિક અસરગ્રસ્ત યુવકને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે પાલનપુર અને ત્યારબાદ પાટણ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો છે. હારીજ તાલુકાના બોરતવાડા ગામે ભગિયા તરીકે ખેત મજૂરી કરી પરિવારનું ગુજરાત ચલાવતા હરેશ મગનભાઈ ઠાકોર નામના ૨૫ વર્ષીય યુવકે આત્મહત્યાની કોશિશ કરી છે.ગઈકાલે મોડી રાત્રે ડીસાના ભીલડી પાસે હાઈવે પર આ યુવકે ઝેરી પ્રવાહી આત્મહત્યા કરવાનો પ્રયાસ થયો હતો. દવા પી લીધા બાદ તરત જ તેને ઉલટી શરૂ થઈ ગઈ હતી અને યુવક બેભાન થઈ પડ્યો હતો. બનાવને પગલે આજુબાજુના લોકો તરત જ દોડી આવ્યા હતા તેમજ એક ખાનગી સેવાભાવી વાહન ચાલકે અસરગ્રસ્ત યુવકને તેની ગાડીમાં બેસાડી તાત્કાલિક સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડી તેના પરિવારજનોને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ યુવકના પરિવારજનો પણ તરત જ ડીસા સરકારી હોસ્પિટલમાં પહોંચ્યા હતા અને યુવકની હાલત વધુ નાજુક હોવાથી તેને વધુ સારવાર માટે પાલનપુર સરકારી હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

વડોદરાની જેમ ભરૂચ જિલ્લાના ખેડૂતોએ પણ વિવિધ ગામોમાં જમીનના વળતર મુદ્દે ચૂંટણી બહિષ્કારના બેનરો લગાડ્યા

ભરૂચ, લોકસભાની ચુંટણી નજીક આવી રહી છે ત્યારે વડોદરા જિલ્લા ના ખેડૂતોની જેમ હવે ભરૂચ જિલ્લાના ખેડૂતો ધ્વારા પણ વિવિધ ગામોમાં ચુંટણી બહિષ્કારના બેનર લગાવી દીધા છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ભરૂચ અને વડોદરા જિલ્લાના ખેડૂતો કે જેઓ એ વડોદરા-મુંબઈ એક્ષપ્રેસ વે, વડોદરા-દિલ્હી એક્ષપ્રેસ વે અને રેલ્વે ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર યોજનામાં જમીન ગુમાવી છે તેઓને યોગ્ય વળતર નહી મળવાના કારણે નારાજગી જોવા મળી રહી છે .આ ત્રણે યોજનાઓમાં જમીન ગુમાવનાર ખેડૂતોએ આરબીટ્રેશન માં કેસો દાખલ કર્યા હતા. જેમાં વડોદરા-મુંબઈ એક્ષપ્રેસ વે યોજનાની જમીન સંપાદન સંદર્ભે રાજ્ય સરકાર ધ્વારા સુરત, વલસાડ, નવસારી ના કલેકટરોની મહેસુલ વિભાગ ધ્વારા સંયુકત મિટીંગ બોલાવી હતી. વડોદરા-મુંબઈ એક્ષપ્રેસ વે તેમજ બુલેટ ટ્રેન યોજનામાં ૨૦૧૧ ની જંત્રીને રીવાઈઝડ કરી સુરત, વલસાડ, નવસારી ના ખેડૂતોને પ્રતિ ચો.મી. ના રૂપિયા ૭૦૦ થી ૧૦૪૦ સુધીનુ વળતર ચુકવવાનો હુકમ કરેલ છે .

જેને ધ્યાને લઈ ભરૂચ જિલ્લાના ખેડૂતો ધ્વારા ઘણા સમયથી આંદોલન કરવામાં આવી રહેલ છે. વડોદરા જિલ્લામાં પણ ખેડૂતો ધ્વારા આંદોલન શરૂ કરવામાં આવ્યું છે અને વડોદરા જિલ્લાના આ ત્રણ યોજનામાં જમીન ગુમાવનાર ખેડૂતો ધ્વારા વડોદરા, કરજણ, પાદરા અને સાવલી તાલુકા ના વિવિધ ગામે ચુંટણી બહીષ્કારના બેનરો લગાવવામાં આવ્યા છે. હાલમાં ભરૂચ જિલ્લાના માતર, દોરા, દાંડા, કારેલી, પાદરીયા, ગામોમાં ખેડૂતોને વળતરમાં થઈ રહેલ અન્યાય સામે ચૂંટણી બહિષ્કારના બેનર લગાવી દીધા છે જેમાં સ્પષ્ટ લખ્યું છે કે કોઈપણ રાજકીય પક્ષના આગેવાનોએ ગામમાં પ્રવેશ કરવો નહી. ખેડૂતોએ બેનર સાથે દેખાવો કરી સૂત્રોચાર ગજવીને વળતરના નાણાં જલ્દી આપવા માંગણી કરી હતી, તેમ એકતા ગ્રામીણ પ્રજા વિચાર મંચ ના મુખ્ય સંચાલક દ્વારા જણાવાયું છે.

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Bank | શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફીસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બીંઉ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર -૪૦૦૬૦૪.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે. કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો ભૌતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો /ભૌતિક કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ/ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
૧	સ્નેહા વિશાલભાઈ દાવરા / વિશાલ ગોરધનભાઈ દાવરા / LBSUR00004907438	ફ્લેટ નં.૪૦૮, ચોથો માળ, પંચરત્ન ટાવર, એફિલ ટાવર સામે, એસ.નં.૨૯, ટી.પી.એસ.નં.૪, એફ.પી.નં.૨૨૮/બી, એલ.એચ.રોડ, નવાગામ, ચોરયાસી, સુરત-૩૯૫૦૦૬- એપ્રિલ ૦૪, ૨૦૨૪	મેં ૩૧, ૨૦૨૩ રૂા. ૩૪,૦૩,૩૭૦.૦૦/-	સુરત
૨	મેઘનાથી અમિતગિરી / આશાબેન અશોકગિરી મેઘનાથી / LBSUR00005658005	ફ્લેટ નં.ડી-૩૧૧, ત્રીજો માળ, બિલ્ડિંગ-ડી, માર્ક પોઈન્ટ, ક્રિષ્ના કુંજ સોસાયટી સામે, આર.એસ.નં.૧૨૮/૧, બ્લોક નં.૨૦૪, ટી.પી.એસ. નં.૬૯, ડિંડોલી, ગડોદરા, સુરત-૩૯૫૦૧૦-એપ્રિલ ૦૪, ૨૦૨૪	મેં ૨૯, ૨૦૨૩ રૂા. ૧૩,૯૩,૧૫૨.૦૦/-	સુરત

ઉપર જણાવેલા કરજદાર(રો)/જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : એપ્રિલ ૦૯, ૨૦૨૪ | અધિકૃત અધિકારી
સ્થળ : સુરત | આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

ફૉર્મ -સી

ન્યુઝપેપર અધિસૂચના નો ડ્રાફ્ટ પ્રોફાર્મા

આથી અહી નોટિસ આપવામાં આવે છે કે સ્વર્ગીય અરૂણાદેવી એ. ચવાણના નામે રજીસ્ટર્ડ **બોરોસીલ રેન્યુઅબલ્સ લિ.** ના ફોલિયો નં. સી૦૦૩૧૮, શેર પ્રમાણપત્ર નં.૧૩૧૭ માટે ૧૫૦૦ શેર(ઓ) વિશિષ્ટ સંખ્યા ૨૩૯૭૨૧-૨૪૧૨૨૦(૧૫૦૦)ધરાવતા ખોવાઈ ગયા છે.

આથી કંપનીને આ શેર માટે ડુપ્લિકેટ શેર પ્રમાણપત્રો આપવા માટે અરજી કરી છે. ઉપરોક્ત શેરના સંદર્ભમાં કોઈ પણ વ્યક્તિએ આ નોટિસ પ્રકાશન તારીખથી ૧૫ દિવસની અંદર કંપનીના ઉપરોક્ત જણાવેલ સરનામાં અથવા તેમના રજીસ્ટ્રાર યુનિવર્સલ કેપિટલ સિક્યોરિટીઝ પ્રા.લિ. (CIN:U74200MH1991PTC062536), સી- ૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસ માર્ગ, વિક્રોલી(વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૮૩, મહારાષ્ટ્ર આવો દાવો નોંધાવવો જોઈએ .

નામ અને સરનામું
સરોજની ચવાણ
એ-૨/૩, કબીર કોમ્પ્લેક્ષ,
ડોન બોસ્કો સ્કૂલ સામે
મકરપુરા રોડ,
વડોદરા- ૩૯૦૦૦૯

સ્થળ : વડોદરા
તારીખ : ૦૪.૦૪.૨૦૨૪

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank | શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફીસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બીઉ, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર -૪૦૦૬૦૪.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે. કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / પ્રતિકાત્મક કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ/ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
૧	બિનિતાબેન નિમેશભાઈ સોની અને નિમેશ જનકભાઈ સોની / LBDAB00004130550 &LBDAB00004130531	સબપ્લોટ નં.૮, વિશ્રાંતી ગ્રીન, ડભોઈ રોડ, આર.એસ.નં.૧૫૩૩/એ/૧, ડભોઈ, વડોદરા-૩૯૧૭૪૦ / એપ્રિલ ૦૩,૨૦૨૪	નવેમ્બર ૧૬, ૨૦૨૩ રૂા. ૧૬,૩૬,૬૦૭.૬૨/-	ડભોઈ
૨	છેલુ સિંઘ રાઠોડ / મરૂધાર શેખાવત LBVPI00005686030 &LBVPI00005685825	ફ્લેટ નં.૬૦૭, છઠ્ઠો માળ, બિલ્ડિંગ નં.એ, તિરૂપતી રેસિડેન્સી, બાલાજી મંદિર પાસે, રીંગ રોડ, સર્વે નં.૨૬૨/૪, ૨૬૨/૩ અને ૨૬૩, આમલી, સિલવાસા, દાદરા નગર અને હવેલી, વાપી-૩૯૬૨૩૦/ એપ્રિલ ૦૪, ૨૦૨૪	જાન્યુઆરી ૦૩, ૨૦૨૪ રૂા. ૩૦,૪૨,૩૩૯.૦૦/-	વાપી
૩	લતા પાંડુરંગ ખંડારે / રમેશ ખંડારે/ LBVPI00005304660	ફ્લેટ નં.૪૦૫, ચોથો માળ, ધનલક્ષ્મી બિલ્ડિંગ, સિનેમેક્ષ પાછળ, પ્લોટ નં.૬, સર્વે નં.૮૭૬/૧/૧/૩, આમલી, દાદરા નગર અને હવેલી, સિલવાસા, વાપી-૩૯૬૧૯૧ / એપ્રિલ ૦૪, ૨૦૨૪	ડિસેમ્બર ૨૬, ૨૦૨૩ રૂા. ૨૧,૫૧,૮૨૮.૯૯/-	વાપી
૪	સંદીપકુમાર પી.રાય / રિંકુદેવી સંદીપ રાય / LBVPI00005507987	ફ્લેટ નં.૩૦૪,ત્રીજો માળ, વિંગ એ૧-એ, લેક પેરેડાઈસ, રાજસ્થાન ભવન પાછળ, એસ.નં.૨૭૫૭, ૨૭૫૬, (બ્લોક પ્રોમુલગેશન પહેલાં /સર્વે નં.૩૪૦/૧, ૩૩૯/૨), ડુંગરા, વલસાડ, વાપી-૩૯૬૧૯૧ / એપ્રિલ ૦૪, ૨૦૨૪	ડિસેમ્બર ૦૭, ૨૦૨૩ રૂા. ૧૭,૩૮,૧૦૯.૦૦/-	વાપી
૫	દિપા બિમલેશ રાજપુત/બિમલેશ શત્રુઘ્ન રાજપુત/ LBSIL00005122038	એપાર્ટમેન્ટ નં.૩૧૨, ત્રીજો માળ, (મંજુર પ્લાન મુજબ બીજો માળ), બિલ્ડિંગ: સિદ્ધિ એકદંત સ્કવેર, બાલાજી મંદિર રોડ, સર્વે નં.૨૨૭/૨/૬૯/૩/૧, સ્કાય હાઈટસ સામે, ઉલતરન ફલિયા, સિલવાસા, દાદરા નગર અને હવેલી, વાપી-૩૯૬૧૯૧ / એપ્રિલ ૦૪, ૨૦૨૪	જાન્યુઆરી ૦૧, ૨૦૨૪ રૂા. ૧૬,૦૨,૫૧૧.૦૧/-	સિલવાસા
૬	કૌશલ સુરેશસિંહ ઠાકુર /સુનિતાબેન સુરેશસિંહ ઠાકુર/ TBVPI0000 6284086 & LBVPI00006331895	ફ્લેટ નં.૬૦૨, છઠ્ઠો માળ, બિલ્ડિંગ-બી/૫, શિવ શક્તિ ટાઉનશીપ, ક્લસ્ટર-બી, રેવન્યુ સર્વે નં.૩૭૯, (જુના નં.૮૮), ગામ સરન, તા.પારડી, વલસાડ-૩૯૬૧૨૫ / એપ્રિલ ૦૪, ૨૦૨૪	જાન્યુઆરી ૦૩, ૨૦૨૪ રૂા. ૧૩,૪૦,૩૫૬.૦૦/-	વાપી
૭	શિવસાગર પન્નાલાલ સરોજ અને દુલારી દેવી LBVPI00004797301 &LBVPI00004797302	ફ્લેટ નં.ડી-૩૦૩, ત્રીજો માળ, બિલ્ડિંગ-ડી, અરિહંત ગાર્ડન-ડી, સિને પાર્ક પાછળ, આર.એસ.નં.૨૭૭/૭/૮ પૈકી ૧,ચાણોદ, પારડી, વાપી-૩૯૬૧૯૫/એપ્રિલ ૦૪, ૨૦૨૪	ડિસેમ્બર ૦૭, ૨૦૨૩ રૂા. ૧૦,૬૪,૧૧૯.૩૬/-	વાપી
૮	હેમાંગ શાંતિલાલ ઠકરાર / હિરલ હેમાંગ ઠકરાર / LBVPI0000 2199784 & LBVPI00004927178	ફ્લેટ નં.૨૦૨, બીજો માળ, શિવમ પેલેસ, રમજાનવાડી, પ્લોટ નં.૮ અને ૬, એસ.નં.૧૧+૧૫/ પૈકી, ૧૧/ પૈકી/ ૧૧+૨૭+૯+૧૦/૨ પૈકી /૮, છારવાડા, વલસાડ, વાપી-૩૯૬૧૯૫/ એપ્રિલ ૦૪, ૨૦૨૪	ડિસેમ્બર ૦૭, ૨૦૨૩ રૂા. ૬,૮૮,૪૬૩.૦૦/-	વાપી

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : એપ્રિલ ૦૯, ૨૦૨૪ | અધિકૃત અધિકારી
સ્થળ : વડોદરા અને વાપી અને વલસાડ અને સિલવાસા | આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ